

RNI No. GUJGUJ/2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક



તંત્રી : શ્રી અજયકુમાર રમણલાલ પ્રજાપતિ (અજય પટણી)

રજી. ઓફીસ : ૧૩૧, ધર્મનગર સોસાયટી, હાઈવે રોડ, સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫, ગુજરાત, ભારત.

ફોન / ફેક્સ : (૦૭૯) ૨૭૫૭ ૩૩૦૭, ૯૦૧૬૩ ૩૩૩૦૭ (મો) ૯૩૨૮૩ ૩૩૩૦૭, ૯૮૨૫૩ ૩૩૩૦૭, Email : garvigujarat2007@yahoo.com • Email : garvigujarat2007@gmail.com • Website : www.garvigujarat.co.in

વર્ષ : 10 | અંક : 243 | તા. 14-05-2018, સોમવાર | વિ. સં. 2074 | વૈશાખ વદ-14 | પાના : 04 | કિંમત : 00.50 પૈસા


# પડવા જમીન સંપાદન મામલો : ખેડૂતોની રેલી પર પોલીસનો લાઠીચાર્જ

**લાઠીચાર્જ ઉપરાંત ખેડૂતોના ટોળાને વિખેરવા માટે પોલીસે ૧૫ જેટલા ટિયરગેસના શેલ પણ છોડ્યા હતા**

**ખેડૂતોએ ટ્રેક્ટર સહિતના વાહનો સાથે પડવા ગામથી જીપીસીએલ કંપની સુધી રેલી કાઢી હતી**

(જી.એન.એસ)ભાવનગર,તા.૧૩ પડવા ગામ ખાતે જીપીસીએલ કંપની દ્વારા જમીન સંપાદન મામલે કાર્યવાહી શરૂ કરવામાં આવતા આજે રવિવારે ૫૦૦ જેટલા ખેડૂતોએ રેલી કાઢી હતી. ખેડૂતોએ ટ્રેક્ટર સહિતના વાહનો સાથે પડવા ગામથી જીપીસીએલ (ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ) કંપની સુધી રેલી કાઢી હતી. આ દરમિયાન પોલીસે ખેડૂતોને રોકવા માટે બળપ્રયોગ કર્યો હતો. જેનાથી પોલીસ-ખેડૂતો વચ્ચે ઘર્ષણના દ્રશ્યો જોવા મળ્યા હતા. રેલીમાં ભાગ લઈ રહેલા ખેડૂતો પર બળપ્રયોગ કરતા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. લાઠીચાર્જ ઉપરાંત ખેડૂતોના ટોળાને વિખેરવા માટે પોલીસે ૧૫ જેટલા ટિયરગેસના શેલ પણ છોડ્યા હતા. આ પહેલા ગામ ૧૨ જેટલા ગામના ખેડૂતોએ જમીન સંપાદનનો વિરોધ કરતા પોતાના બાળકોને શાળામાં મોકલવાનું બંધ કરી દીધું હતું. ખેડૂતોએ દલીલ કરી હતી કે સરકાર જો અમારી જમીન લઈ લેશે તો અમે અમારા બાળકોને કેવી રીતે ભણાવીશું? ખેડૂતોની રોજીરાટીનું એકમાત્ર સાધન જમીન છે. ભાવનગર શહેથી આશરે ૨૫ કિલોમીટર દૂર આવેલા પડવા ગામ નજીક ૧૨ ગામના ખેડૂતોની જમીન ૧૯૯૭ની સરકારે એક વિઘાના રૂ. ૩૬ હજાર લેખે લિગ્નાઈટ માઈનિંગ કરીને કોલસો કાઢવા માટે જીપીસીએલ (ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ) કંપની માટે સંપાદન કરી હતી. ૨૨ વર્ષ પહેલા સંપાદિત કરવામાં આવેલી જમીન બાબતે સરકાર અચાનક નિંદ્રામાંથી સફાળી જાગી હતી અને બળપ્રયોગ સાથે હક્ક જતાવા પહોંચી ગઈ હતી. સામે ખેડૂતોએ એવી માંગણી કરી હતી કે જમીનના હક્ક માટે હવે આજે જે જમીનનો ભાવ ચાલી રહ્યો છે તે આપો. જોકે, બેરી અને મૂંગી સરકારે કોઈ નિકાલ કર્યો ન હતો. પહેલી એપ્રિલના રોજ રવિવારે સવારના નવ વાગ્યાથી ૧૨ ગામના આશરે ૧૦ હજાર જેટલા ખેડૂતો માઈનિંગની જગ્યા પર પહોંચી ગયા હતા. ૧૦ હજારના ટોળાને કાબૂમાં લેવા માટે પોલીસે ટિયરગેસના સેલ છોડ્યા હતા. પોલીસના બળ પ્રયોગથી ખેડૂત પરિવારના નાના બાળકો, યુવાનો અને વૃદ્ધો ઈજાગ્રસ્ત થયા હતા. બાદમાં આવેલા કોંગ્રેસના નેતાઓએ બળપ્રયોગને રોકવા જણાવ્યું અને વાટાઘાટો શરુ કરી હતી.



## વિશ્વ માટે રાહતરૂપ : ઉત્તર કોરિયા અણુ પરીક્ષણ સ્થળને નષ્ટ કરશે

(જી.એન.એસ)પ્યોંગયોંગ,તા.૧૩ તાનશાહ કિમ જોંગે ઉત્તર કોરિયામાં તેમના અણુ પરીક્ષણ સ્થળને નષ્ટ કરવા માટે જાહેરાત કરી છે. સમાચાર એજન્સી અનુસાર ઉત્તર કોરિયા આ સ્થળેને ૨૩ થી ૨૫ મે વચ્ચે દૂર કરવા માટે તકનિકી પગલાં લઈ રહ્યુ છે. દક્ષિણ કોરિયાએ આ નિર્ણયની પ્રશંસા કરી છે. દક્ષિણ કોરિયાની રાષ્ટ્રપતિ મૂન જે. ઈનના પ્રવક્તા કિમ યૂઈ-કીયોમે એક નિવેદનમાં જણાવ્યુ કે દક્ષિણ કોરિયાએ પ્યોંગયાંગને ૨૩-૨૫મે વચ્ચે, તેના પરમાણુ પરીક્ષણ સ્થળને નાશ કરવાના નિર્ણયનું સ્વાગત કર્યુ છે. પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે ઉત્તર કોરિયા વચનથી કે માત્ર શબ્દોથી નહીં પરંતુ વાસ્તવમાં તેને પૂરું કરવા પ્રતિબદ્ધ છે. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન જે-ઈન અને કિમ જોંગ કોરિયાની સિમાવતી ગામમાં ૨૭ મી એપ્રિલે મુલાકાત થઈ હતી. આ દરમિયાન જોંગ ઉનને મૂન જે-ઈન સાથે ઐતિહાસિક બેઠકમાં પરમાણુ સ્થળને બંધ કરવાનું વચન આપ્યું હતું. તો બીજી તરફ ટ્રમ્પે ટ્વીટ કરીને કહ્યું, એક સ્માર્ટ અને સમજદારી ભર્યા નિર્ણય માટે આભાર! ઉલ્લેખનીય છે કે, કિમે નોર્થ કરિયાનું પરમાણુ પરીક્ષણ પૂર્ણ થયાની વાત કહી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે, હવે તેઓને પરીક્ષણવાળી જગ્યાની કોઈ જરૂર નથી. આ તમામ વચ્ચે નોર્થ કોરિયાના વિદેશ મંત્રાલયે કહ્યું કે, ટૂંક સમયમાં જ પરીક્ષણ સાઈટ ઉડાવી દેવામાં આવશે. અહીં કોઈના પણ જવા ઉપર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના પ્રેસિડન્ટ તરફથી આ જાહેરાત વિદેશ મંત્રી માઈક પોમ્પિયોના પ્યોંગયાંગ મુલાકાત બાદ થઈ. હકીકતમાં પોમ્પિયાના પ્યોંગયાંગ પહોંચ્યા બાદ જ નોર્થ કોરિયાએ અમેરિકાના ત્રણ નાગરિકોની સજા માફ કરીને મુક્ત કર્યા હતા.

## સરકારી હૉસ્પિટલમાં ખાલી પડેલાં પદોની તપાસ કરવા કોર્ટની સરકારને તાકીદ

(જી.એન.એસ)મુંબઈ,તા.૧૩ રાજ્યની બધી જ સરકાર અથવા પાલિકા સંચાલિત હૉસ્પિટલમાં ડૉક્ટર અને તબીબી સ્ટાફના ખાલી પડેલા પદ અંગે સર્વેક્ષણ કરાવવા મુંબઈ હાઈ કોર્ટે રાજ્ય સરકારને તાકીદ કરી છે. ગયા અઠવાડિયે જારી કરેલા આદેશમાં ન્યાયમૂર્તિ નરેશ પાટીલ અને ન્યાયમૂર્તિ જી. એસ. કુલકર્ણીની ખંડપીઠે રાજ્ય સરકારને અગ્રતાક્રમ પર ખાલી પડેલાં સ્થાનોને ભરવા ખાસ ભરતી ઝુંબેશ ચાલુ કરવા જણાવ્યું હતું. નાશિક જિલ્લાના માલેગાંવના રહેવાસીની જનહિતની અરજીની સુનાવણી દરમિયાન વરિષ્ઠ ડૉક્ટર્સ અને વિભાગીય વડા સહિતનાં અન્ય પદો માટે પેન્ડિંગ પ્રસ્તાવની મંજૂરીનું કામ ઝડપથી કરવા માટે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)ને આદેશ આપ્યો હતો. માલેગાંવની સરકારી હૉસ્પિટલમાં વર્ષો સુધી હૉસ્પિટલના ડૉક્ટર અને અન્ય તબીબી સ્ટાફના ખાલી સ્થાન ભરવા માટે રાજ્યના જાહેર આરોગ્ય વિભાગની નિષ્ક્રિયતાનો દાવો જનહિતની અરજીમા કરવામાં આવ્યો હતો. રાકેશ ભામરે નામના અરજકર્તાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ૨૦૧૨થી હૉસ્પિટલનાં ખાલી સ્થાનો પર કોઈની નિમણૂક કરી નથી.આ કેસના અગાઉની સુનાવણી દરમિયાન કોર્ટે સરકાર સંચાલિત હૉસ્પિટલને યોગ્ય માળખાકીય સુવિધા, તબીબી સ્ટાફ અને ફંડ આપવા સરકારને આદેશ આપ્યો હતો. રાજ્ય સરકારે કોર્ટને જણાવ્યું હતું કે તેમણે તો ખાલી સ્થાન ભરવા માટે ભલામણ કરી દીધી છે, પરંતુ એમપીએસસી તરફથી વિલંબ કરવામાં આવી રહ્યો છે.

**હવામાન ખાતાની ચોમાસા દરમિયાન ૮૮૭ મિલિમીટર વરસાદની આગાહી**

## કેરળમાં ચાર દિવસ વહેલા ચોમાસાનું થશે આગમન, દેશમાં ૧૦૦ ટકા પડશે વરસાદ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, તા.૧૩ ગુજરાતમાં ઉનાળો પોતાના મધ્યભાગમાં આવી ગયો છે ત્યારે દક્ષિણ ભારતમાં ચોમાસાના અણસાર સેવાઈ રહ્યા છે. દક્ષિણ પૂર્વ ચોમાસું આગામી દિવસોમાં આગમન થઈ જશે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૨૮મેથી કેરળમાં ચોમાસાની શરૂઆત થઈ જશે. હવામાન આગાહી એજન્સી સ્કાયમેટે શનિવારે જણાવ્યું હતું કે, આ ચોમાસું તેની સામાન્ય શરૂઆતની તારીખથી ચાર દિવસ વહેલા છે. સામાન્ય રીતે કેરળમાં ચોમાસું બેસવાની સામાન્ય તારીખ પહેલી જૂન હોય છે. દેશમાં ચાલુ વર્ષે સારા વરસાદના સંકેત મળ્યા છે. દેશમાં ૧૦૦ ટકા વરસાદ પડશે, આ વર્ષે સાધારણ કરતા વધુ વરસાદ પડવાની સંભાવના છે. દુષ્કાળ પડવાની સંભાવના ઝીરો ટકા રહેશે. બીજી તરફ અનમાન નિકોબાર ટાપુ ઉપર ૨૦ મેથી ચોમાસું બેસશે. જ્યારે શ્રીલંકા અને ઈસ્ટ સેન્ટ્રલ બંગાળની ખાડીમાં ૨૪ મેથી ચોમાસું શરૂ થવાની શક્યતા છે. સ્કાયમેટના વાઈસ પ્રેસિડેન્ટ મહેશ પલાવતના જણાવ્યા પ્રમાણે ૨૮ મેથી કેરળમાં ચોમાસા શરૂ થાય તેવી અપેક્ષા છે જોકે, સામાન્ય રીતે કેરળમાં પહેલી જૂનથી ચોમાસું શરૂ થાય છે. આમ સામાન્ય તારીખ કરતા ચાર દિવસ વહેલા ચામાસાની શરૂઆત થાય તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, સ્કાયમેટ એજન્સીએ આગાહી કરી કે જૂનથી સપ્ટેમ્બરના ચોમાસાના ચાર મહિના દરમિયાન ૮૮૭ મિલિમીટર વરસાદ પડી શકે છે.જેના પગલે ખેડૂતો ખરીફ પાકનું સારૂ વાવેતર કરી શકશે. સ્કાયમેટના ઝઈ જતિન સિંહે કહ્યું કે લા નીના અને પ્રશાંત ક્ષેત્રમાં ધીરે-ધીરે ગરમી વધવાથી વધુ વરસાદની સંભાવના નથી.પરંતુ નીનો ઈન્ડેક્સ અને તટસ્થ આઈઓડીથી વરસાદ પર કોઈ પ્રતિકૂળ અસર પડવાની સંભાવના પણ નથી.મે-જૂન-જૂલાઈના ત્રણ મહિનામાં નીનો ઈંડેક્સ ૬૦%થી વધુ તટસ્થ રહેવાની સંભાવના છે.જ્યારે નીના મૌસમ પેટર્ન ૨૪ ટકા અને અલનીનો ૧૪ ટકા રહી શકે છે. જુનમાં એવરેજ (LPA) ૧૧૧ ટકા રહી શકે છે.આ દરમિયાન ૧૬૪ mm વરસાદ થઈ શકે છે.જ્યારે જુલ્લાઈમાં (LPA) ૯૭ ટકા રહી શકે છે. આ દરમિયાન ૨૮૯ mm વરસાદ પડી શકે છે.તો ઓગસ્ટમાં(ન્છ)૯૬ ટકા રહી શકે છે. આ દરમિયાન ૨૬૧ mm વરસાદ થઈ શકે છે.જ્યારે સપ્ટેમ્બરમાં ૨૦ ટકા વરસાદ પડવાના ચાન્સ છે.

## પરિણામ પહેલાં જ જેડીએસએ ગઠબંધન કરવાના સંકેતો આપ્યા

(જી.એન.એસ)બેંગ્લુરુ,તા.૧૩ કર્ણાટક વિધાનસભાની ચૂંટણીનું મતદાન પુરૂ થતાની સાથે જ તમામ રાજકીય પક્ષો પોતપોતાનું ગણિત લગાવી રહ્યાં છે. હજી પરિણામ આવવાના આડે બે દિવસનો સમય છે, પરંતુ એક્ઝિટ પોલમાં કિંગમેકરની ભૂમિકામાં નજરે પડતા જનતા દળ (સેક્યુલર)એ ગઠબંધનના સંકેત આપી દીધાં છે. જેડીએસના પ્રમુખ એચડી દેવગૌડાએ કહ્યુ હતું કે, હાલ તેઓ કોઈ પણ બાબતો સ્વિકાર કે ફગાવવાની સ્થિતિમાં નથી. ૧૫એ મતગણતરી થશે અને જુઓ શું પરિણામ આવે છે. દેવગૌડાનું આ નિવેદન એ તરફ ઈશારો કરે છે કે, તેઓ ગઠબંધનની સરકારનો ભાગ બની શકે છે. જ્યારે અગાઉ ચૂંટણી પ્રચાર સમયે દેવગૌડાએ અનેક વાર ઢોલ વગાડીને કહ્યુ હતું કે, જેડીએસ કોઈ પણ પાર્ટી સાથે ગઠબંધન નહીં કરે. ગઈ કાલે શનિવારે મતદાન પુરૂ થયાં બાદ બહાર આવેલા મોટા ભાગના એક્ઝિટ પોલમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીટોનું અંતર ખુબ જ ઓછું રહેવાની અને જેડીએસ કિંગમેકરની ભૂમિકામાં રહેવાની ભવિષ્યવાણી કરવામાં આવી છે. આમ દેવગૌડાનું આ નિવેદન ખાસ્સુ મહત્વનું છે. બીજી બાજુ કર્ણાટક ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બીએસ યેદિયુરપ્પાએ કહ્યું હતું કે, તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહના સંપર્કમાં છે. અમને સંપૂર્ણ વિશ્વાસ છે કે, ૧૭મે એ અમે સરકારની રચના કરીશું. અમને ૧૨૫ થી ૧૩૦ બેઠકો મળી રહી છે, જ્યારે કોંગ્રેસ ૭૦નો આંકડો પણ પાર નહીં કરી શકે.

## શું કોંગ્રેસ પી.ચિદમ્બરમ્‌ને નવાઝ શરીફની માફક રાજનીતિથી દૂર કરશે? : ભાજપ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, તા.૧૩ કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમના પરિવાર વિરૂદ્ધ વિદેશમાં અઘોષિત સંપત્તિ મામલે ચાર્જશીટ દાખલ કરવાને લઈને ભાજપે આકરા પ્રહારો કર્યા છે. સંરક્ષણ મંત્રીએ કહ્યુ છે કે, પોતે જ જામીન પર બહાર છે એવા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી શું પોતાના સિનિયર નેતાના મામલે કોઈ ટિપ્પણી કરશે કે પગલા ભરશે? સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારમણે કહ્યુ હતું કે, ભૂતપૂર્વ નાણાંમંત્રી પી ચિદમ્બરમ પર વિદેશમાં પોતાની સંપત્તિની જાણકારી ન આપવાનો આરોપ છે. ઈનકમ ટેક્ષ ડિપાર્ટમેંટે ચિદમ્બરમના પરિવાર વિરૂદ્ધ ૪ ચાર્જશીટ દાખલ કરી છે. તો શું કોંગ્રેસ પી ચિદમ્બરમને નવાઝ શરીફની માફક જ રાજનીતિથી દૂર કરશે કારણ કે, તેમણે પણ વિદેશમાં પોતાની સંપત્તિની જાણકારી પોતાના એફિડેવિટ અને ઈનકમ ટેક્ષ વિભાગ રેકોર્ડમાં આપી ન હતી. નિર્મલા સિતારમણે પી ચિદમ્બરમના બહાને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પર પણ નિશાન તાક્યું હતું. તેમણે કહ્યુ હતું કે, ભાજપ જાણવા માંગે છે કે, પોતે જ જામીન પર બહાર છે એવા કોંગ્રેસ અધ્યક્ષ શું આ મામલે કોઈ તપાસ હાથ ધરશે કે કોઈ ટિપ્પણી કરશે? કોંગ્રેસના ભૂતપૂર્વ સિનિયર મંત્રીએ જે જાણકારી નથી આપી, તેના પર ૧૨૦ ટકા પેનલ્ટી લાગશે. જો આરોપો સાચા સાબિત થશે તો ચિદમ્બરમે ૧૦ વર્ષ માટે જેલ જવું પડી શકે છે. વર્ષ ૨૦૧૫માં મોદી સરકાર બ્લેક મનીને લઈને કાયદો લાવી હતી, તેનું ઉલ્લંઘન કરવા બદલ પી ચિદમ્બરમે પકડવામાં આવ્યા છે. મોદી સરકારના સંરક્ષણ મંત્રીએ ચિદમ્બરમની વિદેશોમાં રહેલી સંપત્તિના આરોપો પર કહ્યુ હતું કે, મીડિયામાંથી મળેલી જાણકારી પ્રમાણે ચિદમ્બરમના નામે વિદેશમાં ૨૧ એકાઉંટ છે અને ૧૪ દેશોમાં તેઓ સંપત્તિ ધરાવે છે. અમે તમામ પ્રકારની માહિતી બેંક ઉપરાંત અન્ય એજન્સીઓ પાસેથી લેવાને લઈને વિચાર કરી રહ્યાં છીએ. પોતાની સંપત્તિઓને લઈને ચિદમ્બરમે ૨૦૧૬ના પોતાના સોગંધનામમાં આ જાણકારી આપી ન હતી. તેમના પુત્ર કાર્તિ ચિદમ્બરમે પણ ૨૦૧૪થી કોઈ જ પ્રકારની જાણકારી આપી નથી.

## અનામત ખત્મ થઈ જશે તો દેશના લોકોનો અધિકાર ખત્મ થઈ જશે : સાવિત્રીબાઈ ફૂલે

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૩ બહરાઈચથી ભાજપના સાંસદ સાવિત્રીબાઈ ફૂલેએ રવિવારે અનામતના મુદ્દા પર પ્રતિક્રિયા આપતા સુપ્રીમ કોર્ટ પર નિશાન સાધ્યું. પહેલા પાકિસ્તાનના સંસ્થાપક મોહમ્મદ અલી ઝિણાને મહાપુરુષ કહેનાર સાવિત્રીબાઈએ હવે અનામતના મુદ્દા પર નિવેદન આપતા કહ્યુ કે જો અનામત ખત્મ થઈ જશે તો ન માત્ર બહુજન સમાજ પરંતુ દેશના લોકોનો અધિકાર ખત્મ થઈ જશે. સાવિત્રીબાઈ ફૂલેએ કહ્યુ, 'સુપ્રીમ કોર્ટના જજ કહી રહ્યા છે કે આજે ભારતની લોકશાહી જોખમમાં છે. અને ક્યારેક કહેવામાં આવી રહ્યુ છે કે અમે ભારતના બંધારણને બદલવા માટે આવ્યા છીએ.' તેમણે સુપ્રીમ કોર્ટ પર નિશાન સાધતા કહ્યુ કે, 'ક્યારેક કહેવામાં આવે છે કે અમે અનામતને સમાપ્ત કરીશું, ભારતના બંધારણની સમીક્ષા કરીશું. ભારતના અનામતને એવી રીતે ખત્મ કરીશું કે અનામત હોવું ન હોવું સમાન હશે. જો ભારતનું બંધારણ, અનામત સમાપ્ત થઈ જશે તો દેશના બહુજન સમાજનું જ નહીં સમગ્ર દેશના લોકોના અધિકાર ખત્મ થઈ જશે.' ઉલ્લેખનીય છે કે ભાજપના સાંસદ સાવિત્રીબાઈ ફૂલે આગામી ૧૫ મેના રોજ બહરાઈચના કલેક્ટ્રેટ પર દલિત મામલાઓ પર એક દિવસીય ધરણા પ્રદર્શનનું આયોજન કરી રહ્યા છે. તેમણે કહ્યુ કે આજે દેશભરમાં બહુજન સમાજને સમાન સન્માન મળતું તો તેમણે આંદોલન ન કરવું પડતું.

**સગીરાને ચૂપ રહેવા માટે ૧૦૦ રૂ.પણ આપ્યા હતા**

## આંધ્રમાં ટીડીપી કાર્યકરનો કિશોરી પર બળાત્કાર, કિશોરી ૩ મહિનાની પ્રેગનેન્ટ

(જી.એન.એસ)ગંતુર,તા.૧૩ આંધ્રપ્રદેશના ગંતુરમાં એક ૧૪ વર્ષની કિશોરી પર બળાત્કારની ઘટના સામે આવી છે. એટલુ જ નહીં કિશોરીના પેટમાં હાલમાં ત્રણ મહિનાનો ગર્ભ છે. બળાત્કારનો આરોપ ટીડીપી કાર્યકર પર લગાવવામાં આવ્યો છે. અહીં ૧૪ વર્ષની એક કિશોરી ઘરે કામ કરતાં કરતાં અચાનક ઢળી પડી હતી. તેના માતાપિતા તેને હોસ્પિટલ લઈને ગયા હતા ત્યારે ડોક્ટરે તેમને જાણ કરી હતી કે તેણી ત્રણ મહિનાની પ્રેગનેન્ટ છે. કિશોરીના માતાપિતાએ તેની પૂછપરછ કરતા તેણે પાડોશમાં રહેતા ટીડીપી કાર્યકરે બળાત્કાર ગુજાર્યો હોવાની વાત સ્વીકારી હતી. કિશોરીએ તેના માતાપિતાને જણાવ્યું હતું કે ટીડીપીના કાર્યકરે તેના પર અનેક વખત બળાત્કાર ગુજાર્યો હતો. તેણે તેને ચૂપ રહેવા માટે રૂ. ૧૦૦ પણ આપ્યા હતા. કિશોરી પર બળાત્કાર ગુજારનાર ૪૩ વર્ષીય આરોપીનું નામ મબુબ વાલી છે. તે કિશોરીના પરિવારનો પરિચિત છે. તેણે સોફ્ટ ડ્રિંક પીવડાવવાની લાલચ આપીને કિશોરી પર બળત્કાર ગુજાર્યો હતો. બાદમાં વાલીએ તેના પર અનેક વખત બળાત્કાર ગુજાર્યો હતો. કિશોરીને તેણે કોઈને આ વાત ન કહેવા માટે ધમકાવી હતી. કિશોરીની બહેને પોલીસને જણાવ્યું હતું કે વાલી ટીડીપી પાર્ટી સાથે જોડાયેલો છે. તેણે તેના અને તેના પતિના વણસેલા સંબંધો અંગે દરમિયાનગીરી કરવાની પણ ઓફર કરી હતી. તેણે મને અને મારા પરિવારને મદદ કરવાનું વચન આપ્યું હતું. તે ધમકી આપીને મારી બહેનનું શોષણ કરી રહ્યો હતો. તેના ઘરે સંતાનો છે, એટલું જ નહીં તેના સંતાનોને પણ સંતાન છે. જોકે, હજુ સુધી ત્રણ મહિનાના ગર્ભ અંગે શું નિર્ણય લેવાયો છે તે જાણી શકાયું નથી. નોંધનીય છે કે આ મહિનાની શરૂઆતમાં ૬૦ વર્ષીય હાથરીક્ષા ચાલકે એક નવ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યો હતો.

## એચ-૧ બી વિઝાની અવધિ પૂરી થાય બાદ રહેલા વિદ્યાર્થીઓ પર કાર્યવાહી કરશે અમેરિકા

(જી.એન.એસ)વૉશિંગ્ટન,તા.૧૩ અમેરિકામાં અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ માટે માઠા સમાચાર છે. અમેરિકા વીઝા નિયમોને કઈને એક પછી એક આકરા ફેરફારો કરી રહ્યું છે. ટ્રમ્પ પ્રસાશને હવે H-1 B વીઝા બાદ સ્ટૂડેંટ વીઝામાં પણ ફેરફારો કર્યા છે. જે અનુંસાર હવેથી સ્ટુડંટ વીઝાની અવધિ પુરી થયા બાદ રહી રહેલા વિદ્યાર્થીઓ પર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ નિયમ ૯ ઓગષ્ટથી અમલી બનશે. આ નિયમ અનુંસાર વિદ્યાર્થીની ગેર-કાયદેસરની હાજરી તે દિવસથી ગણવામાં આવશે જ્યારથી તેનું ટ્રાવેલિંગ સ્ટેટસ સમાપ્ત થઈ ગયું છે. આ નવા નિયમની અસર એ વિદ્યાર્થીઓ પર સૌથી વધારે પડશે જે અભ્યાસ બાદ અમેરિકામાં રહીને નોકરી માટે રોકાતા હતાં. હવે નવી ડ્રાફ્ટ પોલિસીમાં ગેર-કાયદે રહેવાની સમયમર્યાદામાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવી પોલિસી પ્રમાણે ગેરકાયદેસર રીતે રહેવાની મર્યાદાની ગણતરી તેના ટ્રાવેલિંગ સ્ટેટસ સમાપ્ત થાય તે દિવસથી ગણવામાં આવશે. વિદ્યાર્થીઓ જ્યારથી પોતાનો અભ્યાસ પુરો કરી ચુક્યા હોય છે અને ગેરયાકદેસરની ગતિવિધિઓમાં સંલિપ્ત હોય છે કે પછી અભ્યાસ અને ગ્રેસ અવધિ પુરી કરી ચુક્યા હોય ત્યારથી તેની ગણતરી હાથ ધરવામાં આવે છે. નવી નીતિમાં અમેરિકામાં અનઅધિકૃત રૂપે રહી રહેલા દિવસોના હિસાબથી ગણવામાં આવશે. જેને અંતર્ગત વિદ્યાર્થીને અમેરિકામાં પ્રવેશ કરવા કે સ્થાઈ નાગરિકતા મેળવવાના પ્રયાસને સંપૂર્ણ રીતે પ્રતિબંધિત કરી દેવામાં આવશે. ઉદાહરણ તરીકે એક વિદ્યાર્થીને હ્લ-૧ (સ્ટોડંટ વીઝા)ને ૬૦ દિવસનો સમય આપવામાં આવે છે, જેથી તે આ સમય દરમિયાન પોતાના સ્ટેટસ (વર્ક વીઝા)ને બદલી દે અથવા અમેરિકા છોડીને જતો રહે. હવે નવી નીતિ લાગુ થતા ગેર કાયદેસર અવધિના આધારે વિદ્યાર્થીને અમેરિકામાં પ્રવેશ આપવા કે સ્થાયી રેસિડેંસી સ્ટેટસ મેળવવામાં અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

## ફ્રાન્સમાં અલ્લાહ-હૂ-અકબર બોલી ચાકૂથી હુમલો : બેના મોત

(જી.એન.એસ)પેરિસ,તા.૧૩ ફ્રાંસની રાજધાની પેરિસમાં શનિવારે સાંજે કથિત આતંકીએ લોકો પર ચાકૂથી હુમલો કર્યો. પ્રાપ્ત થતી માહિતી મુજબ એક અજ્ઞાત હુમલાખોરે સેન્ટ્રલ પેરિસના ઓપેરા જિલ્લામાં રસ્તાની વચ્ચે લોકો પર ચાકૂથી હુમલો કરી દીધો. આ હુમલામાં ૨ લોકોનાં મોત નિપજ્યાં છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયાં છે. ઈજાગ્રસ્તોમાં ૨ની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટે આ હુમલાની જવાબદારી લેતાં કહ્યું કે, તેઓએ જ આ હત્યા કરાવી છે. છહ્લ ન્યૂઝ એજન્સી મુજબ ઘટના સ્થળે રહેલાં પ્રત્યક્ષદર્શીઓએ પોલીસને જણાવ્યું કે ચાકૂથી હુમલો કરનારાં હુમલાખોરે ઘટનાને પાર પાડવા અલ્લાહ હૂ અકબરના નારાઓ લગાવ્યાં હતા. પેરિસ પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ હુમલાખોરને પોલીસે ઠાર કર્યો છે. ઘટના શનિવાર સાંજની છે. પેરિસ પોલીસે વધુમાં જણાવ્યું કે હુમલાખોર હાથમાં ચાકૂ લઈને સેન્ટ્રલ પેરિસમાં ઘુસ્યો અને લોકો પર તાબડતોડ હુમલો કરવાનું શરૂ કર્યું હતું. લોકો સ્થિતિને સમજે તે પહેલાં હુમલાખોરે લગભગ ૫થી ૬ લોકો પર અટેક કરી દીધો હતો.


ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

**સાબરકાંઠા જીલ્લો**

બ્યુરોચીફ : મો. શફી મનસુરી
(મો.૯૯૯૮૧૫૨૬૪૩-૮૧૪૦૧૨૬૭૮૬)
૪૧/જી, ઝેડ ક્રોન કોમપ્લેક્ષ, બેંક ઓફ બરોડા,
ઝહીરાબાદ ગ્રામ પંચાયતની બાજુમાં,
પાનપુર પાટીયા, હિમતનગર-(સા.કા.) ગુજરાત

# રેડ્ડી બંધુઓની મુક્તિના બદલામાં લાંચ, ન્યાયતંત્ર પર લોકોને વિશ્વાસ નહિ રહે...!?

કર્ણાટકમાં ચૂંટણી જીતવા ભાજપે બધાં છાપેલાં કાટલાંને સોડમાં લીધાં છે ને તેમાં બહુ વગોવાયેલા રેડ્ડી બંધુઓ પણ છે. ખાણ માફિયા તરીકે વગોવાયેલા રેડ્ડી બંધુઓ સીધેસીધા ભાજપમાં નથી જોડાયા પણ ભાજપને તન,મન, ધનથી મદદ કરે છે. બેલ્લારી લોકસભા બેઠક પરથી ચૂંટાયેલા ભાજપના સાંસદ શ્રીરામુલુ રેડ્ડી બંધુઓના પીઠ્ઠુ છે ને અત્યારે ભાજપની ટિકિટ પર બદામી બેઠક પરથી વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા છે. રેડ્ડી બંધુઓ બેલ્લારી વિસ્તારમાં શ્રીરામુલુ ને તેમના ચમચાઓને જીતાડવા મચી પડ્યા છે ને એ રીતે રેડ્ડી બંધુઓ ભાજપ સાથે જ છે. કૉંગ્રેસે ચૂંટણીના આગલા દાડે જે બોમ્બ ફોડ્યો છે એ આ રેડ્ડી બંધુઓ ને શ્રીરામુલને લગતો છે. શ્રીરામુલુ, રેડ્ડી બંધુઓ ને સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ કે.જી. બાલકૃષ્ણનના જમાઈ શ્રીનિજનનો વીડિયો કૉંગ્રેસે જાહેર કર્યો છે. વીડિયોમાં શ્રીરામુલુ શ્રીનિજન સાથે વાત કરે છે ને રેડ્ડી બંધુઓની તરફેણમાં ચુકાદો આપવા માટે ચીફ જસ્ટિસને લાંચ આપવાના ભાવતાલ કરે છે એવું બતાવાયું છે. આ વીડિયોમાં બીજા ચાર દલાલો પણ બેઠા છે ને એ કોણ છે તે નક્કી નથી. વાસ્તવમાં તો આ વીડિયો સાચો છે કે નહીં એ પણ નક્કી નથી પણ મતદાનના આગલા દિવસે જ કૉંગ્રેસે આ વીડિયો જાહેર કરીને ખળભળાટ મચાવી દીધો છે એ નક્કી છે. આ વીડિયોની વાત કરતાં પહેલાં રેડ્ડી બંધુઓ કોણ છે, તેમના દલાલ તરીકે વર્તતો શ્રીરામુલુ કોણ છે ને આ આખો મામલો શું છે એ સમજવું જરૂરી છે. રેડ્ડી બંધુઓ તરીકે જાણીતા જનાર્દન, કરૂણાકરણ અને સોમશેખર બહુ સામાન્ય પરિવારમાં જન્મેલા ને તેમના પિતા ચેંગા રેડ્ડી સામાન્ય કોન્સ્ટેબલ હતા. જો કે રેડ્ડી બંધુઓ તેમના બાપની જેમ સામાન્ય જિંદગી જીવવા નહોતા માગતા તેથી તેમણે બહુ નાની ઉંમરે બિઝનેસમાં ઝંપલાવેલું. જનાર્દન રેડ્ડીએ ૧૯૮૯માં ૨૧ વર્ષની ઉંમરે નોન-બૅંકિંગ ફાયનાન્સ કંપની ખોલીને લોકો પાસેથી નાણાં ઉઘરાવવા માંડ્યાં. તેમણે આખા દક્ષિણ ભારતમાં ૧૨૫ બ્રાંચ ખોલી ને લોકોને ઉંચા વ્યાજની લાલચ આપવા માંડી. આ સ્કીમ સફળ થઈ ને જોતજોતામાં તેમની પાસે કરોડો રૂપિયા થઈ ગયા. રેડ્ડી બંધુઓના પિતા કોન્સ્ટેબલ હતા તેથી તેમને પોલીસ અધિકારીઓ ઓળખતા. રેડ્ડી બંધુઓએ તેમને પોતાના બિઝનેસમાં કશું રોકાણ કર્યા વિના ભાગીદાર બનાવ્યા ને તેમની મદદથી ખાણોનાં લાયસન્સ મેળવ્યાં. ખાણોના ધંધામાં ચાંદી જ ચાંદી હતી તેથી આ રૂપિયા ઝડપથી વધ્યા. રેડ્ડી બંધુઓએ જેમની પાસેથી નાણાં લીધેલાં તેમને દૂધે ધોઈને પૈસા પાછા આપ્યા. તેના કારણે તેમની પ્રતિષ્ઠા જામી ગઈ ને પછી તો તેમને ત્યાં રોકાણ કરવા લોકોની લાઈન લાગી ગઈ. રેડ્ડી બંધુઓ અધિકારીઓ અને રાજકારણીઓને પોતાની સાથે જોડતા ગયા ને ખાણો પર ખાણો લેતા ગયા. તેમાંથી કમાણી કરતા ગયા ને પૈસાદાર બનતા ગયા. રેડ્ડી બંધુઓએ પોતાનો દબદબો કાયમ રહે એ માટે યુવા રાજકારણીઓને પણ પોતાની સાથે લીધા ને તેમાં એક શ્રીરામુલુ પણ હતા. એકદમ ગરીબ પરિવારમાં જન્મેલા શ્રીરામુલુની રાજકીય મહત્ત્વાકાંક્ષા મોટી હતી. રેડ્ડી બંધુઓને લાગ્યું કે આ વછેરા પર દાવ લગાવવા જેવો છે તેથી તેમણે શ્રીરામુલુને બધી મદદ કરી. સામે શ્રીરામુલુએ રેડ્ડી બંધુઓનો પરિચય ભાજપના ટોચના નેતાઓ સાથે કરાવ્યો. ૧૯૯૯માં સુષમા સ્વરાજ સોનિયા ગાંધી સામે બેલ્લારી લોકસભા ચૂંટણીમાં ઊતર્યાં એ વખતે રેડ્ડી બંધુઓએ તક ઝડપીને સુષમાના આખા કેમ્પેઈનનો ખર્ચ ઉપાડી લીધેલો. તેના કારણે ભાજપમાં તેમનો વટ વધ્યો ને એ ટોચના નેતાઓની નજીક આવી ગયા. કર્ણાટકમાં ભાજપની પહેલી સરકાર રચાઈ એ વખતે યેદુરપ્પા મુખ્યમંત્રી હતા. શ્રીરામુલુ યેદુરપ્પાનો ડાબો-જમણો જે ગણો એ બધું જ થઈ ગયેલા તેથી રેડ્ડી બંધુઓ પણ યેદુરપ્પાની નજીક આવી ગયેલા. રેડ્ડી બંધુઓએ તેનો ફાયદો ઉઠાવીને બેફામ ભ્રષ્ટાચાર કર્યો ને ભાજપના નેતાઓને પણ ચાંદી ચાંદી કરાવી દીધેલી. જનાર્દન રેડ્ડી તો યેદુરપ્પા સરકારમાં મંત્રી પણ બનેલા. જો કે તેમનું પાપ છાપરે ચડીને પોકાર્યું પછી યેદુરપ્પાએ રેડ્ડી બંધુઓ સામે કેસ કરીને તેમને જેલમાં ધકેલી દીધેલા. તેના કારણે બગડેલા શ્રીરામુલુએ ભાજપને રામ રામ કરીને બીએસઆર કૉંગ્રેસ નામે પોતાનો નવો પક્ષ બનાવેલો. શ્રીરામુલુએ ભાજપને રામ રામ કર્યા એ સાથે વિધાનસભામાંથી પણ રાજીનામું ધરી દીધેલું. રેડ્ડી બંધુઓનો બેલ્લારીમાં કેવો વટ છે તેનો અંદાજ એ વાત પરથી આવે કે ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણીમાં શ્રીરામુલુ બેલ્લારી બેઠક પરથી અપક્ષ તરીકે ઉભા રહેલો છતાં જીતી ગયેલા. ભાજપને લાગ્યું કે શ્રીરામુલુ જેવો હીરો હાથથી ગયો એ ખોટું થયું એટલે ૨૦૧૪માં તેમને પાછા લીધા ને લોકસભાની ટિકિટ આપી. શ્રીરામુલુ લોકસભાની બેલ્લારી બેઠક પરથી પણ આસાનીથી જીતી ગયેલા ને અત્યારે સંસદસભ્ય છે જ. રેડ્ડી બંધુઓના ગોરખધંધાનો પથારો લાંબોપહોળો છે. કર્ણાટક ઉપરાંત આંધ્ર પ્રદેશમાં પણ એ લોકો માઈનિંગના ધંધા સાથે સંકળાયેલા છે. જો કે તેમની ભાજપ સાથેની નિકટતાના કારણે ૨૦૦૯માં આંધ્ર પ્રદેશ સરકારે રેડ્ડી બંધુઓની ઓબુલાપુરમ માઈનિંગ કંપની પર પ્રતિબંધ મૂકેલો. આંધ્ર પ્રદેશની અનંતપુરની ખાણોમાં કામ કરવા પર મૂકાયેલા આ પ્રતિબંધ સામે રેડ્ડી બંધુઓ હાઈ કોર્ટમાં ગયેલા. હાઈ કોર્ટે રેડ્ડી બંધુઓની કંપની પરનો પ્રતિબંધ રદ કરી દીધો તેની સામે આંધ્ર પ્રદેશ સરકાર સુપ્રીમ કોર્ટમાં ગયેલી. ૧૦ મે,૨૦૧૦ના રોજ સુપ્રીમ કોર્ટે રેડ્ડી બંધુઓની તરફેણમાં ચુકાદો આપેલો ને ૧૧ મે,૨૦૧૦ના રોજ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ કે.જી. બાલાકૃષ્ણન નિવૃત્ત થયેલા. કોંગ્રેસે જે વીડિયો જાહેર કર્યા છે તેનો અર્થ એ થાય કે બાલકૃષ્ણને પોતાના જમાઈ શ્રીનિજન મારફતે રેડ્ડી બંધુઓ સાથે સોદાબાજી કરેલી ને કરોડો રૂપિયા ઘરભેગા કરીને રેડ્ડી બંધુઓને છોડી મૂકેલા. રેડ્ડી બંધુઓ સામેના આ પ્રકારના આક્ષેપો નવા નથી. આંધ્ર પ્રદેશ સરકારે તેમની સામે કેસ કરેલો ત્યારે જનાર્દન રેડ્ડીએ જામીન મેળવવા માટે હૈદરાબાદની સ્પેશિયલ કોર્ટના જજ ટી. પટ્ટાભિરામ રાવને લાંચ આપેલી તેવા આક્ષેપ થયેલા. સીબીઆઈએ આ કેસની તપાસ કરેલી ને પછી એવું તારણ કાઢેલું કે ટી.વી. ચલાપતિરાવ નામના નિવૃત્ત જજે આ મામલામાં દલાલી કરેલી. આ કેસ હજુ ઉભો જ છે પણ અત્યારે સીબીઆઈ ભાજપની કહ્યાગરી છે તેથી આગળ કશું થતું નથી. જો કે એ જૂનો કેસ અને આ નવા કેસમાં મોટો ફરક છે ને કૉંગ્રેસના આક્ષેપો વધારે ગંભીર છે કેમ તે કૉંગ્રેસે દેશના ચીફ જસ્ટિસની ઈમાનદારી સામે જ શંકા પેદા કરી દીધી છે. કૉંગ્રેસનો આક્ષેપ છે કે, રેડ્ડી બંધુઓના ફરતે કસાયેલો ગાળિયો છોડી દેવા માટે જે ભાવતાલ થયેલા તે ૧૦૦ કરોડ રૂપિયાથી ૫૦૦ કરોડ રૂપિયાની વચ્ચે હતા ને છેવટે ૧૦૦ કરોડ રૂપિયામાં સોદો થયેલો. રેડ્ડી બંધુઓ સોદો કરીને ફરી ના જાય એટલા માટે ચીફ જસ્ટિસના જમાઈએ પોતે વીડિયો ઉતારેલો. તેની ધારણા પ્રમાણે જ રેડ્ડી બંધુ ફરી ગયા ને નક્કી કરેલી રકમ ના આપી એટલે આ વીડિયો જાહેર કરી દીધો. સામે ભાજપે આ વીડિયો નકલી છે તેવી ચોખવટ કરી છે ને મજાની વાત એ છે કે આ ચોખવટ પાછી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે કરી છે. રસપ્રદ વાત એ છે કે હજુ થોડા સમય પહેલાં જ રેડ્ડી બંધુ જેવાં છાપેલાં કાટલાં ભાજપનો પ્રચાર કરે છે તેવો મુદ્દો ઉઠાવાયો એ વખતે યેદુરપ્પા બગડેલા. તેમણે ચોખવટ કરેલી કે રેડ્ડી બંધુ ભાજપનો પ્રચાર નથી કરતા પણ શ્રીરામુલુનો પ્રચાર કરે છે કેમ કે શ્રીરામુલુ તેમના દોસ્ત છે. બાકી ભાજપ સાથે તેમને કંઈ લેવાદેવા નથી. હવે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ એ જ રેડ્ડી બંધુનો બચાવ કરે છે. ખેર, આ બોમ્બ કર્ણાટકની ચૂંટણીમાં કેટલી અસર કરે છે એ જોવાનું રહે છે પણ તેના કરતાં મોટી વાત દેશના ન્યાયતંત્ર સામે ઉઠેલો સવાલ છે. કૉંગ્રેસનો આક્ષેપ સાચો હોય તો હવે કોના પર ભરોસો કરવો એ સવાલ પેદા થઈ જાય છે. દેશના ચીફ જસ્ટિસ પોતે કરોડો રૂપિયા લઈને અપરાધીઓની તરફેણમાં ચુકાદા આપતા હોય તેનો અર્થ એ થાય કે આપણું ન્યાયતંત્ર સાવ સડી ગયું છે. ભાજપ આ વીડિયોને ભલે રાજકીય ગણીને ફગાવતો પણ ન્યાયતંત્રે તેને ગંભીરતાથી લેવો જોઈએ ને તેની તપાસ કરાવવી જોઈએ કેમ કે સવાલ ન્યાયતંત્રની આબરૂનો છે.

# શું લિવ-ઈનમાં રહેવું ખરેખર ગુનો છે....!?

કેરળનો જ આ એક કિસ્સો છે. એક યુવતી એક યુવક સાથે રહેવા માગતી હતી. તેના પિતા તેને રહેવા દેવા માગતા નહોતા. તેથી પિતા પહોંચ્યા કેરળ હાઈ કોર્ટમાં. હાઈ કોર્ટના ન્યાયાધીશને લાગ્યું કે દિકરી ભલે ૧૯ વર્ષની થઈ ગઈ હોય, ભલે પુખ્ત થઈ ગઈ હોય, ભલે તે ઉંમરલાયક અને લગ્નલાયક હોય, પણ તે પોતાની મરજી વિના કોઈ યુવક સાથે રહી શકે નહિ. તેથી નામદારે હુકમ કર્યો કે તમારા લગ્ન ફોક થાય છે અને યુવતીને કહ્યું કે તારે તારા વાલીઓ સાથે રહેવા જતું રહેવું. આ પ્રકારનો હુકમ યુવતીને મંજૂર નહોતો. તે પોતાની મરજીથી ૨૦ વર્ષના યુવક સાથે રહેવા માગતી હતી. હાઈ કોર્ટના નામદાર ન્યાયાધીશે ટેક્નિકલ પોઈન્ટ શોધી કાઢ્યો હતો. તેમણે કહ્યું કે યુવક હજી ૨૧ વર્ષનો થયો નથી, તેથી લગ્નલાયક નથી. લગ્ન કરવા માટેની તેની ઉંમર થઈ નથી એથી આ લગ્ન ફોક ગણાય. કાનૂની મુદ્દાના આધારે વાત વાજબી છે એવું પણ લાગે. કાયદામાં નક્કી કર્યું છે કે લગ્ન કરવા માટે પુરુષે ૨૧ વર્ષ પૂરા કરવા પડે. ના કર્યા હોય તો લગ્ન થઈ શકે નહિ. હવે ૨૧ વર્ષની ઉંમર જ લગ્નલાયક ઉંમર છે કે કેમ તેની ચર્ચા કરવાનો અર્થ નથી. કેમ કે કોઈ એક જગ્યાએ લક્ષ્મણ રેખા દોરવી પડે. ઉંબરાની આ તરફ દોરી કે પેલી તરફ દોરીના તેનાથી થોડા ઈંચનો જ ફરક પડે છે. ૧૮ વર્ષ સુધી વ્યક્તિ, સ્ત્રી કે પુરુષ બંને સગીર ગણાય છે અને ૧૮ પૂરા કરે એટલે તે કોઈના પણ વાલીપણામાંથી મુક્ત સ્વતંત્ર નાગરિક છે. ૧૯ વર્ષ ને ૧૧માં મહિને કેમ નહિ તેવી ચર્ચા કરવાનો અર્થ નથી, કેમ કે ફરક ફક્ત એક મહિનાનો જ છે. એક રેખા ખેંચવી પડે. તે ખેંચી લીધી, પણ તે પછી રેખાની આ તરફ ઊભા હો કે પેલી તરફ, સમજદારી દાખવવાની હોય છે. માથે જવાબદારી આવી ત્યારે સંતાનો બાર તેર વરસે મોડા થઈ જાય છે. 'મોઢામાં ચાંદીની ચમચી લઈને જન્મેલા' જીવનભર નાદાન રહે છે. મુદ્દો એ નથી કે ટેક્નિકલ ગ્રાઉન્ડ લેવાયું કે નહિ, મુદ્દો એ છે કે અદાલતો ક્યાં સુધી આપણે કેવી રીતે રહેવું તે નક્કી કર્યા કરશે. કેરળનો જ બીજો કિસ્સો હતો, યાદ હશે, હાદિયાનો. તેમાં 'લવ જેહાદ'નો મુદ્દો ચગાવાયો અને ૨૪ વર્ષની હાદિયાને મુસ્લિમ પતિ પાસેથી છોડાવીને તેના પિતા પાસે મોકલવાનો હુકમ કેરળની હાઈ કોર્ટે જ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે તે હુકમ રદ કર્યો અને હાદિયાને, તે ૨૪ વર્ષની હોવાથી ધર્મપરિવર્તનનો અને ઈચ્છે ત્યાં શાદી કરવા માટે નિર્ણય લઈ શકે તેમ જણાવ્યું હતું. તુષારા અને નંદકુમારના કિસ્સામાં પણ સુપ્રીમ કોર્ટે કેરળ હાઈ કોર્ટનો હુકમ રદ કર્યો છે. સુપ્રીમ કોર્ટે બહુ સારું કર્યું એમ કહેવાનું મન થાય, પણ સુપ્રીમ કોર્ટે પણ પોતાના હુકમમાં જે વધારીના વાતો ઉમેરી તેના કારણે પેલો સવાલ પૂછ્યો છે કે આપણે કઈ રીતે રહેવું તે અદાલતો ક્યાં સુધી નક્કી કર્યા કરશે. શું એક સમાજ તરીકે આપણે આટલી સદીઓ પછી સમજદાર નથી થયા કે નક્કી કરી શકીએ કે કઈ રીતે રહેવું તે વ્યક્તિગત મામલો છે. જાહેર શાંતિ, સુલેહ અને 'સંસ્કારી' વર્તનના ધોરણોનો ભંગ ના થાય ત્યાં સુધી વ્યક્તિગત બંધબારણા પાછળ પોતાની રીતે રહી શકે કે નહિ? આપણે પાછળ જઈ રહ્યા છીએ એવું કહીશું તો તે પણ યોગ્ય નથી. લોકશાહી નહોતી ત્યારે વ્યક્તિ વધારે સ્વતંત્ર હતી. પોતાની મરજી પડે તેમ માણસ જીવી શકતો હતો. લોકતંત્રમાં વ્યક્તિ પર અને નાગરિક પર બંધનો વધ્યા છે. સમાન નાગરિક ધારો લાવવાની વાત ચાલે છે, પણ નજીકના ભવિષ્યમાં લાવી શકાય તેમ નથી. તેથી નજીકના ભવિષ્ય સુધી ભારતીય નાગરિકે અદાલત માઈબાપની દયા પર રહેવાનું છે તેવી દયનીય સ્થિતિ ૨૧મી સદીમાં ભારતીય નાગરિકોની છે. સુપ્રીમ કોર્ટે તુષારા અને નંદકુમારના કેસમાં શું કહીએ તે પણ જોઈ લઈએ. કેરળના નામદાર ન્યાયધીશે એક નિયમ જોયો, તેમ સર્વોચ્ચ અદાલતના નામદાર ન્યાયાધીશે પણ બીજો એક નિયમ જોયો. અદાલતે કહ્યું કે હવે લીવ-ઈન રિલેશનશીપમાં રહી શકાય છે. લીવ-ઈનમાં હવે ડોમેસ્ટિક વાયોલન્સની જોગવાઈ લાગુ પડી શકે તે ધોરણ સ્થાપિત થયું છે, તેથી તુષારા અને નંદકુમાર લીવ-ઈન રિલેશનશીપમાં રહી શકે છે. નંદકુમાર ૨૧ વર્ષનો નથી તેથી લગ્ન કરીને તુષારા સાથે રહી શકે નહિ, પરંતુ તે લીવ-ઈન રિલેશનશીપમાં રહી શકે. હવે કાયદામાં એવું તો ક્યાંક કહ્યું નથી કે ૨૧ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિ લીવ-ઈનમાં પણ ના રહી શકે! રાઈટ? તુષારાને તેના પિતા સાથે રહેવા જવાની ફરજ પાડી શકાય નહિ. તે પોતાની મરજી પ્રમાણે જેને પ્રેમ કરે છે તે નંદકુમારની સાથે રહેવા માટે મુક્ત છે, પણ લીવ-ઈન રિલેશનશીપમાં રહે તેવો આ ચુકાદો છે. સવાલ એ છે કે લીવ-ઈન રિલેશનશીપમાં રહેવું એવું પણ અદાલત શા માટે નક્કી કરે. શા માટે પુખ્ત વયની વ્યક્તિ તરીકે (૧૮ વર્ષની મર્યાદારેખા માન્ય કર્યા સિવાય છૂટકો નથી) કશા જ બંધન વિના બે વ્યક્તિ સાથે ના રહી શકે. હકીકતમાં લીવ-ઈનનો મૂળભૂત હેતુ જ અદાલતોએ મારી નાખ્યો છે. લીવ-ઈન ઈઝ એઝ ગૂડ એઝ મેરેજ એવું થઈ ગયું છે. વાત ફક્ત સ્ત્રી-પુરુષ મુક્તપણે સાથે રહે તે માટે નથી. એવી 'સ્વછંદતા' માટેની આ દલીલ નથી. પુરુષ-પુરુષ, સ્ત્રી-સ્ત્રી પણ સાથે રહી શકે માત્ર તે માટેની પણ આ વાત નથી. વાત શુદ્ધ, નિર્ભેળ, મુક્તપણે, સ્વતંત્રપણે પોતાની મરજી પ્રમાણે એકલા રહેવાની, બેકલા રહેવાની કે સમૂહમાં રહેવાની છે. કોઈ પણ બંધન વિના પૃથ્વી પર થોડા ફૂટ જગ્યા, પૃથ્વીવાસીઓએ બનાવેલા નિયમો પ્રમાણે માલિકીહકથી પ્રાપ્ત કરેલી થોડા ચોરસફૂટ ધરતી પર પછી જે નાનકડું વિશ્વ બને, તે દુનિયાને તે સંસાર, જે તે વ્યક્તિના આગવા હોય. આસપાસની જગ્યામાં વસેલા નાગરિકો, જીવસૃષ્ટિને હાની કર્યા વિના તે રહે. મહેમાનો આવતા રહે, જતા રહે, કોઈ કાયમી મહેમાન બનીને પણ રહે. મરજીની વાત છે. કાયદો ત્યાં ક્યા આવે છે?

# માત્ર સરકારે ટેકાના ભાવે ખરીદેલ મગફળી જ કેમ આગમાં ખાક થઈ...!?

વિશ્વભરમાં સૌથી વધુ તેલ આપતી મગફળી માત્ર ગુજરાતમાં જ થાય છે. જેમાં સૌરાષ્ટ્રની ખેત જમીનના ૭૦ ટકામાં માત્ર મગફળીનું જ વાવેતર થાય છે. કારણ દર વરસે પાંચ લાખ ટન સીંગદાણાની નિકાસ થાય છે તેમાંથી પનીર બટર બને છે. તેલના ૧૦ કિલો ટીનના રૂપિયા ૭૫૦ના દરથી નિકાસ કરવામાં આવે છે એટલા કારણે સીંગતેલના ભાવ વધુ રહે છે. સીંગતેલની અસર ગુજરાતના અર્થતંત્ર અને રાજકારણ પર પણ પડે છે. ૧૯૭૪માં ભાવો વધતા સરકાર હચમચી ગઈ હતી. નવનિર્માણ આંદોલન સમયે સીંગતેલના ભાવો વધતા આંદોલને જલદ રૂપ પકડ્યું હતું. ત્યારે સવાલ એ ઉદ્દભવી રહ્યો છે કે માત્ર સરકારે ટેકાના ભાવે ખરીદેલી મગફળી ભરેલા સળંગ ચાર-ચાર ગોડાઉનોમાં આગ લાગવાનું કારણ શું? આગ લાગવા પાછળ ભ્રષ્ટાચારની બૂ આવી રહ્યાનું લોકો માની રહ્યા ચે. જો કે રાજ્ય સરકારે સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપી છે તો એફએસએલ પણ તપાસમાં જોડાઈ છે. એટલે દૂધનું દૂધ અને પાણીનું પાણી થવાની શક્યતા વધી છે. પણ સીંગતેલના ભાવ વધશે તે પણ નિશ્ચિત છે પણ દિવાળીના તહેવારોમાં ગુજરાતભરના રસોડાઓમાં ગૃહિણીઓ રાડ પાડી ઉઠશે તે એક હકીકત બની રહેશે તે નિશ્ચિત છે. રાજ્યમાં ખેડૂતોને રાહત આપવા રાજ્ય સરકારે ૭૦૦ના ભાવે વેચાતી મગફળી જે તે નોડેલ એજન્સી દ્વારા તેમજ સહકારી મંડળીઓ દ્વારા નવ લાખ ટન જેટલી રૂપિયા ૯૦૦ના ભાવથી મગફળી ખરીદી હતી જે રાજ્યના વિવિધ ૨૨ જેટલા ગોડાઉનોમાં રાખવામાં આવી હતી. પરંતુ સરકારે જે મગફળી ખરીદીને જે ગોડાઉનોમાં રાખવામાં આવી હતી તે પૈકીના પાંચ ગોડાઉનોમાં વિવિધ સમયે આગ લાગતા હોહા મચી હતી. શરુઆતની ત્રણેક આગમાં લોકોને કાંઈ અજુગતુ લાગ્યું હતું. પરંતુ ગોડાઉનમાં આગ લાગતા સરકારી મગફળી બળીને ખાક થઈ જતા મોટા પડઘા પડ્યા હતા છતાં લોક અસર ઓછી હતી પરંતુ પાંચમી મેના દિવસે રાજકોયના શાપરના ગોડાઉનમાં આગ લાગતા અંદાજે ચારથી સાડાચાર કરોડની મગફળી બળી ગઈ જેના કારણે લોકોમાં જોરદાર શંકાઓ ઊભી થવા સાથે ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા જેને સરકારની ઊંઘ હરામ કરી નાંખતા સરકારે સીઆઈડી ક્રાઈમને તમામ રીતે તપાસ કરવા આદેશ આપી દીધા. પરંતુ લોકોમાં મગફળી ખરીદીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. કારણ કે ગોડાઉન ભાડે રાખ્યું તે વચેટિયા દ્વારા કે જે તે ગોડાઉનોના વિમો જ લીધો ન હતો. તો ગોડાઉનમાં સીસીટીવી વિજળી કનેક્શન નથી એ તો ઠીક સુરક્ષા માટેની કોઈ જ વ્યવસ્થા ન હતી. વળી જે જે મગફળી ગોડાઉનોમાં આગ લાગી તે બધી જ મગફળી સરકાર દ્વારા ખરીદવામાં આવેલ ત્યાં જ લાગી છે એટલે લોકો પણ અનેક શંકા-કુશંકા કરવા લાગ્યા હતા. રાજ્ય સરકારે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદી જે ગોડાઉનોમાં રાખી હતી તેમાંના જે ગોડાઉનોમાં આગ લાગી તેમાં ગાંધીધામ ગોડાઉનમાં ૨૫૦૦ ટન મગફળી બળી ગઈ હતી. જ્યારે ગોંડલ ખાતેના ગોડાઉનમાં ૭૦૦ ટન મગફળી ત્યારબાદ રાજકોટના ગોડાઉનમાં મગફળી ભરેલા કોથળા બળી ગયા. ત્યારબાદ જામનગરના હાપામાં મગફળી બળી ગઈ અને છેલ્લા પાંચમું ગોડાઉન રાજકોટના શાપરમાં સરકારે ખરીદેલી ૪૬ હજાર ટન મગફળીમાં આગ લાગી પણ બચાવ કાર્યને કારણે રૂપિયા ચાર લાખ કરોડની મગફળી ખાક થઈ હતી જેના પડઘા સવિશેષ પડ્યા હતા. કારણ કે ૨૦૦ કે ૨૫૦ ટેન્કરો દ્વારા આગ બુઝાવવા કાર્ય થઈ શકુયં હતું. વધુ પાણીની જરૂર હતી પણ બોર માલિકોએ પાણી આપવાની ના પાડી દીધી હતી. લોકોની શંકાઓમાં ખેડૂતોથી મગફળી ખરીદી ન હતી કે ખોટા બિલો બનાવ્યા હતા,પુરાવાઓને નાશ કરવા આગ ભડકાવી હતી જેવી અનેક પ્રકારની શંકા કુશંકા ઘુમરાઈ ગઈ છે. રાજ્યભરમાં આ વર્ષે ૩૫ લાખ ટન મગફળીનું ઉત્પાદન થયું છે તેમાંથી સરકારે માત્ર ૯ લાખ ટન મગફળી ટેકાના ભાવે ખરીદવામાં આવી છે. જ્યારે ખુલ્લા બજારમાં રૂપિયા ૭૦૦ના ભાવે જ મગફળી વેચાતી હતી જે ખેડૂતોને પરવડે નહિ તે પણ હકીકત છે. સીંગતેલની અસર રાજ્યના અર્થતંત્ર ઉપર પણ પડે છે તો રાજકારણમાં પણ. ૧૯૭૪માં તેલના ભાવ વધતા સરકાર હચમચી ગઈ હતી તો નવનિર્માણ આંદોલન ભડક્યું હતું. બાદમાં ૧૯૯૦માં રાજ્યના કાબેલ મુખ્યમંત્રી સ્વ.ચીમનભાઈ પટેલે એનડીડીબી દ્વારા ધારા નામથી બજારમાં તેલ મૂક્યું હતું દરમ્યાન લોકોને કપાસિયા તેલ,પામોલિન તેલ,તથા અન્ય ખાદ્યતેલો બજારમાં ઓછા ભાવથી મળવા લાગતા તેનો ઉપયોગ કરવા લાગ્યા એટલે હવે સીંગતેલ ખાવાનો આગ્રહ ખૂબ જ ઘટી ગયો છે.

# ગત્ ચૂંટણીના વાયદા હવામાં છે ત્યારે ભાજપની યોજનાઓની વાત પર લોકો વિશ્વાસ કેમ કરશે?

દેશમાં ૨૦૧૯ની ચૂંટણીને ધ્યાને લઈ કેન્દ્ર ભાજપ મોવડીઓના આદેશના પગલે ગુજરાત પ્રદેશ ભાજપની કમલમ્ ખાતે પ્રદેશ પદાધિકારીઓ સહિત રાજ્યના મુખ્યમંત્રીની હાજરીમાં બેઠક યોજાઈ હતી. જેમાં કેન્દ્ર સરકારની યોજનાઓને લોકો સુધી પહોંચાડવાની ચર્ચા સાથે ચૂંટણી વ્યૂહરચના ઘડવામાં આવનાર છે જેમાં અગત્યની વાત એ છે કે ગત્ ચૂંટણીમાં આપેલ ચૂંટણી વચનોનો અમલ થયો નથી તેમજ કેન્દ્ર સરકારની યોજનાઓનો અમલ થયોનથી કે લોકો સુધી પહોંચી નથી પરંતુ લોકો વચ્ચે કેન્દ્રની યોજનાઓ લઈ જવાનો મનસૂબો ભાજપે બનાવી લીધો છે. ગુજરાત ભાજપ પ્રદેશ કારોબારીની બેઠક કમલમ્ ખાતે મળી જેમાં પ્રદેશ પ્રમુખ,જીતુ વાઘાણી,રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી સહિત પ્રદેશ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં લોકો સુધી કેન્દ્રની વિવિધ યોજનાઓ પહોચાડવા ચર્ચા થઈ હતી. અત્યારે રાજ્યભરમાં ભાજપ સામે જે પ્રકારનો રોષ છે. પ્રશ્નો છે તેને કઈ રીતે ઠારવો તેમજ કેન્દ્રની વિવિધ યોજનાઓ કે જેનો લાભ લોકોને મળ્યો નથી કે લોકો સુધી પહોંચ્યો નથી તે તમામ યોજના લોકો વચ્ચે લઈ જઈને મતબેંક ઉપર પ્રભાવ પાડવા તરફ ખાસ ભાર આપવામાં આવનાર છે. ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં ભરઉનાળે પાણીની તંગી પ્રવર્તી રહી છે. સરકારી તંત્ર લોકો સુધી પાણી પહોંચાડવામાં ઉણુ ઉતર્યું છે અનેક વિસ્તારોમાં ગૃહિણીઓને ચાર-પાંચ કિમી દૂરથી પાણી સિંચી લાવવું પડે છે તો બેરોજગારી પણ વધી છે. સેંકડો કારખાના બંધ પડી ગયા છે નોટબંધીની અસર આજે પણ લોકો ભોગવી રહ્યા છે. તો ખેડૂતોને લોન માફી મળી નથી. પાક વિમાના પ્રશ્નોથી ખેડૂત વર્ગ પરેશાન છે તો બેન્કમાંથી નાણાં ઉપાડવામાં પણ ચાર્જ લાગે છે,૨૪ કલાક વિજળી આપવાની વાત હવામાં ઉડી ગઈ છે. વિજળી જ્યારે આવે અને જાય તે ગ્રામ્ય વિસ્તારોને મૂંઝવતો પ્રશ્ન છે. ઉપરાંત શહેરોમાં જો કે સમગ્ર રાજ્યની ખાનગી શાળાઓમાં બેફામ ફી વધારાથી વાલીઓ પરેશાન છે તો શાળા-કોલેજો પ્રવેશ માટે વિદ્યાર્થીઓ પરેશાન છે. ઉપરાંત વિજ કંપનીઓ સરકારના પરિપત્ર ઓળવી ગઈ છે. પરિણામે મહિને સો કે બસ્સો યુનિટ વાપરનારને બે મહિનાનું રિડિંગ બિલ પધારવવામાં આવે છે. પરિણામે ગ્રાહકના માથે વધારાનો દર બે મહિને રૂપિયા ૧૫૦ થી ૨૦૦ ભરવા પડે છે. તે સાથે ગત્ ચૂંટણીમાં આપેલ વચનો વિદેશમાંથી કાળુ નાણું પરત આવશે અને દરેકના ખાતામાં રૂપિયા ૧૫ લાખ આવી જશે. આતંકવાદી હુમલા બંધ થશે,પાકિસ્તાનને સબક શિખવાડી દેશું,મોંઘવારી ઘટશે,ડોલર સામે રૂપિયો મજબૂત થશે,કોઈ બેકાર નહીં રહે,ભ્રષ્ટાચારીઓને જેલમાં ધકેલી દેવાશે,ગાયોની કતલ બંધ થશે જેવા નચનો લોકો ભૂલ્યા નથી કારણ કે આમાના એક પણ વચનનું પાલન ભાજપને સત્તા મળ્યા બાદ થયું નથી. માત્ર વિપક્ષની બદબોઈ અસંસ્કારી ભાષાના નિવેદનો સિવાય લોકોને કશું જ આપ્યું નથી. ત્યારે સવાલ એ ઉઠવા પામે છે કે ભાજપ જે યોજનાઓ લોકો સુધી લઈ જવાની છે (ભલે તેનો લાભ લોકોને ન મળ્યો હોય) ત્યારે પ્રજા આ માટે કેટલો વિશ્વાસ કરશે તે મોટો સવાલ છે. રૂપાણી સરકારે લોકોને પાણી પહોંચાડીને ઠોસ કાર્ય કરી બતાવે અને બેફામ ફી વધારા સાથે અન્ય વિવિધ ફી શાળાઓ-કોલેજો ઉઘરાવે છે તેના પર એક્શન લઈ ફી ઘટાડો કરાવે,વિજબિલ દર મહિને મળે,ખેડૂતોને લોન માફી,વિમાના નાણાં જેવા પ્રશ્નો ઉકેલે છે તો જ પ્રજા ભાજપ પર વિશ્વાસ મૂકશે તે એક હકીકત છે. અરે માત્ર ખાનગી શાળા કોલેજો સરકાર પોતાને હસ્તક લઈ લે અને દિલ્હી રાજ્ય સરકારના ધોરણે ચલાવે તો લાખો વાલીઓ સરકારની મદદે ભાજપને સહયોગ આપવા તૈયાર છે તે પણ એક હકીકત છે પણ ગરીબ કે પાંવમાં જુતી કહાઁ....? પ્રજાને સરકારી યોજનાઓને ચાંદ બતાવવાથી ભાજપને ફાયદો થાય તે શક્ય નથી અને હવે લોકો જાગૃત થઈ ગયા છે ત્યારે ભાજપની વાતમાં ગુમરાહ થઈ જાય તેવી સ્થિતિ રહી નથી માટે ભાજપા શાહમૃગ નીતિ છોડીને લોક પ્રશ્ને કે તેની જરૂરતો તરફ ધ્યાન આપે તો ભાજપને કોઈ મ્હાત કરી શકે તેમ નથી એ પણ નિર્વિવાદ છે.

# ગૌમાતાની સુરક્ષાની વાત કરતી સરકાર પહેલાં ગૌચર તો શોધી આપે...!!?

રાજ્યમાં સરકાર યુધ્ધના ધોરણે તળાવો ઊંડા કરવામાં,ખેત તલાવડીના આયોજન,અને બોરી બંધોના કામમાં ગળાડૂબ છે ત્યારે રાજ્યના કચ્છ-સૌરાષ્ટ્ર,ઉત્તર ગુજરાતના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી માટે લોકો અહીં તહીં ધોમધખતા-માથુ ફાડી નાંખતા તડકામાં ભટકી રહ્યા છે. તેની તરફ સરકારી તંત્ર ધ્યાન આપવાથી દૂર રહ્યું છે. તો પરિસ્થિતિ એ હદે વણસી ગઈ છે. પશુધન બચાવવા ગૌશાળાઓને પૂરતું ઘાસ કે પાણી મળતાં નથી. પશુ માલિકો પણ ઘાસ મેળવવા વલખા મારી રહ્યા છે. જયારે પશુધનના ચરિયાણો નહિવત્ બચ્યા છે. મોટાભાગના ઉપર દબાણો થઈ ગયા છે કે સરકારે ઉદ્યોગોને આપી દીધા છે. ત્યારે સવાલ થાય છે કે ગૌમાતા કે ગૌવંશ બચાવવા માટેના ઢોલ-પીટતી ભાજપ સરકાર દેશનું શું કરવા બેઠી છે. રાજયમાં પીવાના પાણીની સમસ્યા વધુ વકરી છે જેની સૌથી વધુ અસર ગ્રામ્ય વિસ્તારો અને નગરપાલિકા વિસ્તારોમાં થઈ છે. જેમાં વધુ કફોડી હાલત ગ્રામ્ય વિસ્તારોની બની છે કે જ્યાં સેંકડો-સેંકડો ગામોમાં પીવાના પાણી નથી તો પશુધન માટે તો ક્યાંથી હોય તો ઘાસચારાની પણ તંગી સર્જાઈ છે. રાજ્ય સરકારે જ્યાં પાણી છે ત્યાથી ટ્રેઈન દ્વારા મંગાવીને લોકો સુધી પહોંચાડવું જોઈએ પણ માત્રને માત્ર સ્થાનિક કક્ષાએ ટેન્કરો દ્વારા પાણી મેળવીને પહોંચાડી શકાય તેટલા ગામોમાં પાણી પહોંચાડે છે એ પણ અપૂરતું હોય છે. જેમાં કેટલાક ગામડાઓમાં તો ટેન્કરો જ નથી પહોંચતી તો અનેક નગરપાલિકાઓએ પાંચ,સાત કે દસ દિવસે એક જ વાર અડધો કે એકાદ કલાક માટે પાણી આપે છે એટલે લોકો ત્રસ્ત છે. આવા સળગતા પ્રશ્નો તરફથી લોકોનું ધ્યાન અન્ય તરફ વાળવા સરકાર તળાવો-ઊંડા કરવા,ખેતલાવડી અને બોરીબંધોની વાત કરી તેનો યુધ્ધના ધોરણે અમલ કરવા સાથે પ્રસાર-પ્રચાર માધ્યમો દ્વારા વિશેષ રીતે પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જે યોગ્ય નથી હા એક વાત સ્વિકારવી રહી કે રાજ્યમાં તળાવો ઊંચા કરવા જરૂરી છે પરંતુ જે વરસાદી પાણીથી ભરાતા હોય તેવા તરફ સવિશેષ ધ્યાન આપવું જોઈએ. તો નર્મદા ડેમના પાણીથી ભરવામાં આવતા તળાવો તરફ પણ ધ્યાન આપી ઊંડા કરવા જરૂરી છે જે સરકાર કરી રહી છે તે ઘણું જ સારું છે. પણ ભૂતળના જળ ઊંડા લાવવા વૈજ્ઞાનિક પધ્ધતિએ પરકોલેટવેલ બનાવવા જોઈએ તે તરફ સરકારની નજર ગઈ હોય તેમ લાગતું નથી આના થકી વધુમાં વધુ લાભ લોકોને રાજ્યને જમીનને થાય છે. અને વરસાદી પાણીનો સંગ્રહ થાય છે ટૂંકમાં વરસાદી પાણીનો વેડફાટ ન થતાં બચાવ થાય છે સંગ્રહ થાય છે. જ્યારે ખેત તલાવડી બનાવવી કે બોરીબંધ બનાવવા તેમાં પણ હવે વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવી બોરીબંધના સ્થાને સિમેન્ટ-કોંક્રિટના ઉપયોગ દ્વારા નાના બંધ બતાવવા જોઈએ જેથી રેતી નદીઓમાંના વેરાય અને નદીઓનું પુરાણ અટકી જાય. બીજી તરફ ગ્રામ્ય પશુધન માલિકોને પૂરતા પ્રમાણમાં રાહત ભાવે ઘાસચારો આપવો અતિ જરૂરી છે જેથી ગૌવંશ-ગૌમાતા સહિતનું પશુધન બચાવી શકાય. પશુધન માલિકો ઘાસચારા અને પાણીના અભાવે જે રીતે ગાયો છોડવા મજબૂર બન્યા છે તે અટકી જાય તે માટે ગ્રામ્ય સ્તરે સવિશેષ ધ્યાન આપવું જરૂરી બન્યું છે. ઉપરાંત ગૌશાળાની ફરિયાદ યુધ્ધના ધોરણે દૂર કરી ઘાસચારો પૂરો પાડવો અને એ પણ રાહત દરે એ જરૂરી છે. કારણ ગૌમાતાના નામે ભાજપ સરકાર અવાર-નવાર મોટા ધુમ ધડાકા કરે છે તો ગૌરક્ષકો પણ બેફામ બને છે.

# સ્ત્રીને આરક્ષણ પહેલાં સંરક્ષણની જરૂર છે

વિશ્ર્વની સ્ત્રીઓને આરક્ષણ પહેલાં સંરક્ષણ આપો. આખા વિશ્ર્વમાં માત્ર સ્ત્રી હોવાને કારણે જ અત્યાચાર સહન કરવાના તે બહુ મોટો અન્યાય છે. વિશ્ર્વના દેશોમાં પુરુષોને પ્રાધાન્ય મળે છે. પુરુષનું લક્ષ્ય પ્રેમ, પદ, પ્રતિષ્ઠા (વ્યવસાય)અને પૈસા તરફ વધારે હોય છે. બે વાસણ ઘરમાં ખખડે ત્યાંથી માંડીને ઘરેલુ હિંસાચારનું સ્વરૂપ ધારણ કરે ત્યારે પુરુષો તેને રોજની કટકટ સમજી આંખ આડા કાન કરે છે અને તેથી જ વાત વધારે વણસે છે. ઘરનું મોટું સ્વરૂપ આપણને દેશમાં જોવા મળે છે. સ્ત્રીઓ પરના અનેક સામાજિક, માનસિક, ભાવાત્મક, શારીરિક અત્યાચારમાં બળાત્કાર એક ભયંકર, ભયજનક અરેરાટી ફેલાવનાર અત્યાચાર છે. જેમાં નવજાત બાળકોથી માંડીને ૯૦ વર્ષની વૃદ્ધા પણ માત્ર "લાચારીને કારણે ભોગ બને છે. અને આનો ભય દરેક સ્ત્રીને અનેક બંધનોમાં મૂકી દે છે. તે અમુક દાયરાની બહાર પગ નથી મૂકી શકતી અને વિકાસના અનેક ક્ષેત્રમાં સિદ્ધિનાં શિખરો સર કરતાં અટકી જાય છે. આજે બળાત્કાર કરનાર સામાન્ય માણસ કે ગુંડો હોય પણ જ્યારે રક્ષક ભક્ષક બને (પિતા, ભાઇ, પોલીસ, સામાજિક, રાજકીય, ધાર્મિક પદાધિકારી હોય) ત્યારે હાહાકાર મચે છે. બળાત્કાર કરનાર નરાધમ કે પીડિતાની જાતિ-ધર્મ સામાજિક-આર્થિક દરજ્જા સાથે કોઇ જ સંબંધ નથી. ખાસ બળાત્કારના કિસ્સામાં સ્ત્રી પુરુષનો નજરિયો જુદો હોય છે. પુરુષને મન આવી નાની બાબતોને મીડિયા ચગાવે છે કે રાજકીય સ્વરૂપ આપે છે કે આ તો ચવાઇ ગયેલી બાબત છે. આવા કિસ્સા તો રોજ બને છે. માત્ર અમુક કિસ્સાને શા માટે આટલું મહત્ત્વ આપવામાં આવે છે ત્યારે ચચરી જવાય છે. લોહી ઊકળી જાય છે. આ સૃષ્ટિનું મહત્ત્વ માનવથી છે. અને માનવનું સર્જન માત્ર સ્ત્રીની કૂખ કરે છે. સ્ત્રી માટે માતૃત્વ શ્રેષ્ઠ સ્થાન અને અનેરી અનુભૂતિ છે અને હવસખોર હેવાનો આ સ્ત્રીની કૂખને રહેંસી નાખે છે. તેવે વખતે આવા કિસ્સાની છણાવટ કોઇક વિચારક વ્યવસ્થિત રીતે કરે છે. જ્યારે કોઇ તેને રાજકીય કલંક ન લાગે તે માટે છાંવરવાના પ્રયત્ન કરે છે. આ તો રોજબરોજની વાત છે, આમાં નવું શું છે. તેમ ઘણા ખરા પુરુષો માને છે. આજે કોઇ પણ ઉંમરની સ્ત્રી ઘરની બહાર ગઇ હોય અને જરા સમયમાં આગળ-પાછળ થાય તો ઘરના કેટલી ચિંતા કરે છે. તેની પાછળ આ બધાં કારણો જવાબદાર છે. આજે એવું કહેનારા પણ છે કે કોર્ટ તેનું કામ કરશે, મીડિયા શું કામ ગુનો પુરવાર થાય તે પહેલાં ગુનેગાર ગણે છે ? વાહ ભાઇ ! કોર્ટ ૧૫ વર્ષ પછી ગુનો પુરવાર કરે ત્યાં સુધી આ માણસ કેટલી મજા કરે ને આવા વધારે ગુના કરે. અને કોઇ કલ્પના પણ ન કરી શકે તેવા પ્રશ્નોના સામના પીડિતાએ પોલીસ અને કોર્ટના વકીલ સામે કરવાનો હોય છે એટલે કેટલાય લોકો આવા કિસ્સામાં પણ બહાર સામે આવતા નથી. ન્યાય મળે કે ન મળે પણ પીડિતાની જિંદગી રોળાઇ જાય છે. આ દેશની કરુણાંતિકા તે છે કે કોઇ પૂતળા ને કાંઇ કરે તેવા નજીવાં કારણોસર તોડફોડ, હિંસા, આંદોલનો થયા છે, બંધનું એલાન સાથે અબજો રૂપિયાની હોળી થાય છે અને કોઇ બાળકો કે સ્ત્રી વગર વાંકે વિંધાઇ જાય, મોતને ભેટે કે જીવન ધૂળધાણી થાય તો તે બાબત પર ઢાંકપીછોડો કરવામાં આવે. લોકોનો સંપૂર્ણ સામાજિક બહિષ્કાર (શરૂઆત ઘરથી) કરવો જોઇએ. આ બહુ અસરકારક અહિંસક શસ્ત્ર છે, તેને બદલે પદાધિકારીઓ પદ પર રહે છે અને આવા નરાધમોની તરફેણમાં મોરચો નીકળે આનાથી વધારે બીજું ખરાબ શું હોઇ શકે? સરકાર કોઇ પણ પક્ષની હોય, સામાજિક સમસ્યાની બાબતમાં જ્યારે સરકારનું નાક દબાય છે ત્યારે જ સરકારનું મોઢું ખૂલે છે.

## તંત્રી લેખ......

# રાહુલ ગાંધીનું દેશના વડાપ્રધાન બનવાનું સ્વપ્ન!

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કર્ણાટકમાં પોતાની પાર્ટીના ચૂંટણી પ્રચાર દરમ્યાન એક સવાલના જવાબમાં ખુદને વર્ષ ૨૦૧૯માં વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરતાં એ જ દર્શાવ્યું કે તેમની રાજકીય સમજ ભલે ગમે તેવી હોય, પરંતુ સાહસની તેમનામાં કમી નથી. જોકે રાહુલને મુખ્યત્વે બે કારણોસર ખુદને વડાપ્રધાન પદના દાવેદાર રૂપે રજૂ કરવાથી બચવું જોઈતું હતું. પહેલું કારણ તો એ કે કોંગ્રેસની સતત એ જ કોશિશ રહી છે કે ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીને રાષ્ટ્રપતિ શૈલીની ચૂંટણીમાં તબદીલ થવાથી રોકવામાં આવે. જો મોદી વિરુદ્ધ રાહુલની સ્થિતિ બને છે, તો કોંગ્રેસ પાર્ટીનું નુક્સાન નક્કી છે. રાહુલ ગાંધી એક વંશવાદી પેરાશૂટર છે, જેમણે પોતાના લગભગ દોઢ દાયકાના રાજકીય જીવનમાં ના તો અત્યાર સુધી કોઈ ચૂંટણી સફળતા હાંસલ કરી છે અને ના કોઈ મંત્રાલયનો પ્રભાર સંભાળ્યો છે. બીજી તરફ નરેન્દ્ર મોદી એક જમીન સાથે જોડાયેલા નેતા છે, વળી ઓબીસી છે, જેમનું આખું જીવન રાજનીતિમાં પસારથયું છે. તેઓ સતત ૪ વખત ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા છે અને પછી ૨૦૧૪માં પોતાની પાર્ટીને પૂર્ણ બહુમત સાથે કેન્દ્રની સત્તામાં લઈ આવ્યા. દેખીતું છે કે મોદીના મુકાબલે રાહુલ ક્યાંય આસપાસ પણ નથી ફરકતા. બીજું કારણ, બિનકોંગ્રેસી વિરોધ પક્ષોએ અત્યાર સુધી એવું નથી દર્શાવ્યું કે રાહુલ ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે સ્વીકાર કરવા તૈયાર છે. બલ્કે વિરોધ પક્ષો તરફથી તો એવા પણ કોઈ સંકેત નથી કે તેઓ ચૂંટણી પહેલાં ગઠબંધનમાં કોંગ્રેસને નેતૃત્વકારી ભૂમિકા આપવા માટે તૈયાર છે. થોડા સમય પહેલાં તૃણમૂલ કોંગ્રેસે સંભવિત વિપક્ષી ગઠબંધનના નેતાઓ માટે જે માપદંડ નિર્ધારિત કર્યા હતા, રાહુલ તેમાંથી એક પર પણ ખરા નથી ઉતરતા. રાહુલ ગાંધીનું કહેવું છે કે જો કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી રૂપે ઉભરે છે તો તે વડાપ્રધાન બની શકે છે. એમ કહેતી વખતે કદાચ તેમણે એ જ વિચાર્યું હશે કે પ્રાદેશિક પક્ષો તો તેમની સાથે આવી જ જશે. પરંતુ એ ન ભૂલે કે કોંગ્રેસ ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશ જેવાં રાજ્યોમાં જુનિયર ભાગીદારની ભૂમિકામાં હશે, જેમાં લોકસભા બેઠકોની મોટી સંખ્યા છે. એવામાં રાહુલ ગાંધીનું આ નેતૃત્વ સંબંધી સહજ આકલન પ્રાદેશિક તાકાતોને ખફા જ કરશે, જ્યારે તેમને આ સમયે તેમના સમર્થનની બેહદ જરૂર છે. એક વાત બીજી, રાહુલ ગાંધી ખુદને અત્યાર સુધી એવા રાજનેતા તરીકે રજૂ કરી નથી શક્યા, જેની પાસે સ્પષ્ટ વિઝન હોય. હા, તેઓ આર્થિક મોરચે એનડીએ સરકારની તમામ નિષ્ફળતાઓ, જેમ કે બેરોજગારી, બેંકોની વધતી એનપીએ, ઘટતો વિકાસ દર, કૃષિ સંકટ, તેલની વધતી કિંમતો, ભ્રષ્ટાચાર અને ગગડતો રૂપિયો વગેરેને યોગ્ય રીતે રેખાંકિત કરે છે, પરંતુ તેમની પાસે આમાંથી એક પણ સમસ્યાના સમાધાનની યોજના નથી. આજ સુધી તેઓ આપણી સમક્ષ એક પણ મોટો દમદાર આઈડિયા રજૂ કરી નથી શક્યા. બીજી તરફ મોદી પાસે નવા-નવા આઈડિયાની ભરમાર છે. સ્વચ્છ ભારત, ડિજિટલ ઈન્ડિયા, મેક ઇન ઈન્ડિયા, સ્માર્ટ સિટી, પાક વિમો, ખેડૂતોની આવક બેગણી કરવી વગેરેના ભલે અત્યાર સુધી ઈચ્છિત પરિણામો ન મળી શક્યા હોય, પરંતુ મોદીએ કમ સે કમ નવા વિચાર તો રજૂ કર્યા, જે દેશમાં છેલ્લા દાયકાથી ચાલતી યથાસ્થિતિવાદી માનસિકતાને પડકાર ફેંકે છે. વડાપ્રધાન મોદીએ નોટબંધી અને જીએસટી જેવાં પગલાં ભરતાં એ પણ દર્શાવ્યું કે તેઓ મોટા દાવ ખેલવા તૈયાર છે, ભલે તેમને હાર મળે કે જીત. રાહુલે એ વાત સમજવી પડશે કે તેમને વડાપ્રધાનની ખુરશી થાળીમાં સજાવીને નથી મળવાની, જેવી કે તેમના પિતાને મળી ગઈ હતી. તેમણે તેના માટે લડાઈ લડવી પડશે, પોતાના પૂર્વજો કરતાં ય વધારે સંઘર્ષપૂર્ણ લડાઈ. હા, આ મામલે જવાહરલાલ નેહરૂ અપવાદ હોઈ શકે છે, જેમણે અંગ્રેજો સામે સખત સંઘર્ષ કર્યો હતો. રાહુલ દોઢ દાયકાથી રાજકારણમાં છે, પાંચ વર્ષ સુધી પાર્ટીના ઉપાધ્યક્ષ રહ્યા છે અને પાંચ મહિનાથી અધ્યક્ષ છે, પરંતુ હજુ પણ તેમના ખાતામાં કોઈ ચૂંટણી સફળતા નથી નોંધાઈ. આલમ એ છે કે કોંગ્રેસ આજે સિદ્ધારમૈયા અને કેપ્ટન અમરિંદર સિંહ જેવા પોતાના પ્રાદેશિક નેતાઓ પર પહેલાંના મુકાબલે ક્યાંય વધુ નિર્ભર છે. એવામાં મોદી જ્યારે એવો કટાક્ષ કરે છે કે કોંગ્રેસ તો 'પીપીપી' (પંજાબ, પુડુચેરી અને પરિવાર) પાર્ટી બનીને રહી જશે તો તેમનો નિશાનો રાહુલ જ હોય છે. તેથી, રાહુલ ગાંધીને ન માત્ર ચૂંટણી જીતવી પડશે, બલ્કે દેશના સામાન્ય લોકોનો ભરોસો પણ જીતવો પડશે. ત્યાર બાદ જ તેઓ સહયોગીઓમાં પોતાની સ્વીકાર્યતાની આશા રાખી શકે છે એ ત્યારે જ તેઓ પીએમ પદના એક ગંભીર દાવેદાર બની શકે છે. રાહુલના વક્તવ્યથી કોંગ્રેસના એ નેતાઓને પણ નિરાશા થઈ હશે, જેઓ આશા રાખતા હતા કે જો કોંગ્રેસ ૨૦૧૯માં સૌથી મોટી પાર્ટી રૂપે ઉભરી તો તેમનામાંથી જ કોઈ એકને પીએમનું પદ આઉટસોર્સ કરવામાં આવશે. રાહુલ માટે મુખ્ય પડકાર જનતાને એ દર્શાવવાનો છે કે તેમની પાસે ઉપનામ સિવાય પણ ઘણું બધું છે અને ફક્ત નામદાર નહીં, પરંતુ કામદાર પણ છે. એ સમય હવે નથી રહ્યો, જ્યારે દેશમાં કોંગ્રેસની પિપૂડી વાગતી હતી. હવે તા વંશવાદીઓએ પણ ખુદને મેદાનમાં સાબિત કરવા પડશે. આ પરીક્ષામાં પાસ થયા વિના રાહુલ માટે વડાપ્રધાન પદે બેસવું ઘણું અઘરું છે.

# મંત્રીશ્રીદિલીપકુમાર ઠાકોરેશંખેશ્વર તાલુકાના તળાવો ઉંડા કરવા તેમજ જળ સંચયના ચાલુ કામોનું નિરીક્ષણ કર્યું

માહિતી બ્યુરો, પાટણ, પાટણ જિલ્લામાં ગામે ગામ તળાવ ઊંડા કરવાનો પ્રારંભ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે. સુજલામ સુફલામ જળસંચય અભિયાનદેશનું સૌથી મોટું જળસંચય અભિયાન બની રહ્યું છે. આ અભિયાન અંતર્ગત ગામોના તળાવો ઊંડા કરવાના કામને પ્રોત્સાહીત કરવા માટે મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે શંખેશ્વર તાલુકાના મુજપુર,જેસડા,શંખેશ્વર અને પંચાસર ગામ ખાતે સમસ્ત મહાજન મંડળ, અમદાવાદ તેમજ સમાજસેવી સંસ્થાઓ દ્વારા ચાલતા કામોનું નિરીક્ષણ કર્યું હતું. નરેગા હેઠળ જેસડા અને શંખેશ્વર ખાતે ચાલતા કામોની મુલાકાત લઈ શ્રમિકોના ખબર અંતર પુછયા હતા. પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના મુજપુર, જેસડા, શંખેશ્વર અને પંચાસર ખાતે તળાવ ઉંડા ઉતારવાની કામગીરી નિરીક્ષણ કરી ગ્રામજનોને સંબોધન કરતાં શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું કે, રાજ્ય સરકારે પ્રજાની સુખાકારી માટે જળસિંચનના કાર્યો હાથ ધરવા નિર્ધાર કર્યો છે. રાજ્ય સરકાર સુજલામ સુફલામ જળ અભિયાન શરૂ કરતાં જન અભિયાન સ્વરૂપે સાકાર થયું છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, પાણીને સાચવશો તો પાણી જીવાડશે. પાણી એ પ્રભુએ આપેલી પ્રસાદી છે. તેનો કરકસરપૂર્વક ઉપયોગ તે સમયની માંગ છે. વરસાદના ટીંપે ટીંપાનો સંગ્રહ કરીએ અને વહી જતાં પાણીને રોકીને જળસંચય કરીને ગુજરાતના ભૂગર્ભ ભંડારને સમૃધ્ધ બનાવવો એટલો જ જરૂરી છે. જળસંચય દ્વારા સર્વાંગી ફાયદો થશે. આપણે વિકાસમાં પાણીને પ્રાથમિક અગ્રતા આપીને પર્યાપ્ત માત્રામાં પાણીનું સર્જન કરવા માંગીએ છીએ. ગુજરાતને પાણીદાર ગુજરાત બનાવવું છે. ગુજરાતને પાણીની તંગી/દુષ્કાળમાંથી મુક્ત કરવા રાજ્ય સરકારે જનભાગીદારીથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં જળસંચય અભિયાન હાથ ધરેલ છે. વરસાદના એક એક ટીંપના પાણીને જમીનમાં ઉતારવા આપણે સૌ સંકલ્પબદ્ધ બનીએ. આ પ્રસંગે શંખેશ્વર તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, મુજપુરના સરપંચશ્રી સિકંદરભાઈ, તાલુકા ભાજપના મહામંત્રી સુરેશભાઈ ગોહિલ,સિંચાઇ વિભાગના મદદનીશ ઇજનેરશ્રી મોદી, જેસડાના સરપંચશ્રી ભગવાનભાઈ વણકર, શંકરભાઈ કટારીયા, તાલુકા પંચાયતના સદસ્ય જગદીશભાઈ ડાભી,યુવા મોરચાના અધ્યક્ષ અજીતભાઈ રથવી તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ફ્લિપકાર્ટ ભારતીયની કંપની નથી તો કંઈ નહિ ભારતીય કંપની છે તેવું આશ્વાસન લઈ શકીશું..!?

ભારતમાં સ્ટાર્ટ અપ્સની વાતો બહુ થાય છે ને જેમને બિઝનેસમાં સાંધાની સૂઝ પડતી નથી એવા રાજકારણીઓ સ્ટાર્ટ અપ્સના નામે થૂંક ઉડાડીને આપણું માથું પકવ્યા કરે છે પણ આપણે ત્યાં ખરેખર સ્ટાર્ટ અપ્સના નામે કશું થતું નથી. આપણે ત્યાં બહુ ઓછાં સ્ટાર્ટ અપ્સ એવાં છે કે જે કાઠું કાઢી શક્યાં છે ને તેમાં એક ફ્લિપકાર્ટ છે. ૨૦૦૭માં એટલે કે ૧૧ વર્ષ પહેલાં સચિન ને બિન્ની બંસલ નામના બે જુવાનિયાંએ બેંગલોરમાં શરૂ કરેલું આ સ્ટાર્ટ અપ અત્યારે મોટી કંપની બની ગઈ છે ને એમેઝોન જેવી દુનિયાની નંબર વન ઈ-કોમર્સ કંપનીને હંફાવી રહી છે. દરેક ભારતીયને ગર્વ થાય એવી આ વાત છે પણ ખરાબ સમાચાર એ છે કે હવે આ ફ્લિપકાર્ટ વેચાઈ રહી છે. ફ્લિપકાર્ટ કોઈ ભારતીય કંપનીને વેચાતી હોત તો વાંધો નહોતો પણ આ તો અમેરિકાની તોતિંગ કંપની વોલમાર્ટને વેચાઈ રહી છે. વોલમાર્ટે ફ્લિપકાર્ટમાં ૭૭ ટકા હિસ્સો ખરીદી લીધો છે. ફ્લિપકાર્ટને ખરીદી લેવામાં એમેઝોને પણ રસ બતાવેલો કે જેથી ભારતમાં આખા બજાર પર કબજો થઈ જાય. જો કે સચિન-બિન્નીની જોડીને તેમાં રસ ના પડ્યો ને તેમણે વોલમાર્ટને કંપની આપવાનું નક્કી કર્યું. બિઝનેસની રીતે આ સમાચાર મોટા છે પણ આપણને દુઃખી કરી દે એવા છે. તેનું કારણ એ કે ફ્લિપકાર્ટની કહાની દરેક યુવા ભારતીયને રસ પડે ને પ્રેરણા આપે એવી છે. દિલ્હીની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ (આઈઆઈટી)માં ભણેલા બે છોકરાએ એમેઝોનમાં કામ કરતાં કરતાં એમેઝોનને જ ટક્કર આપે એવી કંપની બનાવવાનું સપનું જોયેલું. એ સપનાને તેમણે માત્ર સાકાર જ ના કર્યું પણ તેને સફળ પણ બનાવ્યું. આ દેશમાં દરેક યુવા સપનાં જોતો થાય એવી સફળતા તેમણે મેળવી. બે બેડરૂમના ફ્લેટમાંથી શરૂ થયેલી તેમની કંપની આજે ૨૦ હજાર કરોડનો ધંધો કરે છે. ફ્લિપકાર્ટ નફો કરતી કંપની નથી પણ જે રીતે તેનો પથારો વધ્યો છે એ જોતાં એ આજે નહીં તો કાલે નફો કરવાની હતી જ. ફ્લિપકાર્ટના કિસ્સામાં બીજી મહત્ત્વની વાત એ છે કે આ કંપનીએ સતત પોતાનો વ્યાપ વધાર્યો ને નવી નવી કંપનીઓ પોતાના નામે કરી. મિંત્રા, જબોંગ, ફોનપે, ઈકાર્ટ જેવી કંપનીઓ તેમણે ખરીદી. ઈ-બે પણ ઈ-કોમર્સમાં મોટી કંપની ગણાતી પણ ફ્લિપકાર્ટનો વધતો પ્રભાવ જોઈને તેમણે પણ પોતાની કંપની ફ્લિપકાર્ટમાં ભેળવી દીધી ને પોતે ફ્લિપકાર્ટમાં ઈક્વિટી લઈ ભાગીદાર બની ગયા. ભારતમાં બહુ ઓછી કંપનીઓને એવી સફળતા મળે છે પણ આ ઈન્ડિયન ડ્રીમનો હવે અંત આવી જશે. ફ્લિપકાર્ટ વોલમાર્ટની ઝોળીમાં જઈને પડશે એ સાથે જ પારલેના ઈતિહાસનું પુનરાવર્તન થશે. વરસો પહેલાં ભારતમાં ઠંડાં પીણાંમાં થમ્સ અપની બોલબાલા હતી. પારલે થમ્સ અપ ઉપરાંત ગોલ્ડ સ્પોટ સહિતનાં બીજા કોલ્ડ્રિંક પણ બનાવતી પણ થમ્સ અપ જેવી જમાવટ બીજા કોઈએ નહોતી કરી. યંગસ્ટર્સ અને ખાસ તો કોલેજીયનોમાં થમ્સ અપ માટે જબરદસ્ત ક્રેઝ હતો. એ વખતે થમ્સ અપ આવતી પણ એવી. એક ઘૂંટડો પીઓ ત્યાં તો આંખમાંથી પાણી ને નાકમાંથી રીતસર ધુમાડા નિકળવા માંડે. ત્રણસો મિલિલિટરની થમ્સ અપની બોટલ ખાલી કરતાં કરતાં તો નાક ચૂવા જ માંડ્યું હોય પણ એ પીવાની જે મજા આવતી એ અવર્ણનીય છે. આર્થિક ઉદારીકરણના પગલે પહેલાં પેપ્સી ને પછી કોક આવ્યાં એ છતાં થમ્સ અપનો દબદબો એવો ને એવો રહેલો. પેપ્સીએ પગપેસારો કરેલો પણ કોક કોઈ લેવા તૈયાર નહોતું. એ વખતે કોકા કોલાએ જૂનો દાવ ખેલીને થમ્સ અપનો બિઝનેસ કબજે કરી લેવાનું નક્કી કર્યું. પારલેના કર્તાહર્તા રમેશ ચૌહાણ હતા ને તેમની સામે કોકો કોલાએ નાણાંની કોથળી છૂટી મૂકી દીધી. ત્યાં લગીમાં આપણે ત્યાં કોલ્ડ્રિંક્સનું બજાર કબજે કરવા માટે કોક અને પેપ્સી વચ્ચે જોરદાર જંગ શરૂ થઈ ગયેલો. રમેશ ચૌહાણ આ લડાઈથી ડરી ગયા ને તેમને એવું લાગ્યું હશે કે આવી મસમોટી કંપનીઓ સામે આપણો પત્તો નહીં લાગે. બે આખલાની લડાઈમાં આપણો ખો નિકળી જશે એવા ડરે તેમણે શરણાગતિ સ્વીકારી લીધી ને પોતાની કોલ્ડ્રિંક્સ બ્રાન્ડ કોકા કોલાને વેચી મારી. ૧૯૯૩માં આ સોદો થયો ને થમ્સ અપના જોરે કોકો કોલા ભારતમાં ટકી ગઈ. બાકી પેપ્સી ને થમ્સ અપની લોકપ્રિયતા વચ્ચે સેન્ડવિચ થઈને તેનો ઘડોલાડવો થઈ જવાનો હતો. કોકે થમ્સ અપ ખરીદ્યા પછી ગંદી રમત રમીને થમ્સ અપ સહિતનાં કોલ્ડ્રિંક્સને ખતમ કરવા માંડ્યાં ને તેના બદલે પોતાની પ્રોડક્ટ્સને પ્રમોટ કરવા માંડી. ગોલ્ડ સ્પોટ તો તેમણે સાવ બંધ કરી દીધી. થમ્સ અપ ચાલુ રાખી પણ ધીરે ધીરે તેને પણ મારવા માંડી ને પોતાનું ગળ્યું પાણી થમ્સ અપના બદલે ઠપકારવા માંડ્યું. લોકોને એ માફક ના આવ્યું ને કોક એ છતાં પણ જામ્યું નહીં એટલે જખ મારીને કોકા કોલાએ થમ્સ અપને પાછી પ્રમોટ કરવી પડી પણ બીજી બ્રાન્ડ તો ખતમ જ થઈ ગઈ. થમ્સ અપ હજુ મળે છે પણ તેમાં પહેલાં જેવી મજા નથી. કોક ને પેપ્સી સ્ટાઈલનું ખાંડનું પાણી તૂફાની ઠંડાના નામે પધરાવાય છે. રમેશ ચૌહાણ ડરી ના ગયા હોત તો કદાચ આજેય તેમનો દબદબો હોત ને લોકો તેમને મલ્ટિનેશનલ કંપની સામે બાથ ભિડીને ટકી ગયેલા મરદ તરીકે યાદ કરતા હોત. ચૌહાણમાં એ તાકાત હતી જ કેમ કે તેમણે એ પછી પોતાની મિનરલ વોટર બ્રાન્ડ બિસ્લેરીને નંબર વન બનાવી જ. આજેય બિસ્લેરી પોતાના સેગ્મેન્ટમાં નંબર વન છે જ પણ થમ્સ અપના મામલે ચૌહાણ છપ્પનની છાતી ના બતાવી શક્યા તેમાં એ તુફાની પીણું ખતમ થઈ ગયું. ચોહાણ પણ ભુલાઈ ગયા ને આજે કોઈ તેમને ઓળખતું નથી. બિન્ની અને સચિન બંસલે વોલમાર્ટને પોતાની કંપની વેચી નાંખવાનું નક્કી કર્યું ત્યારે શું વિચાર્યું હશે એ ખબર નથી. ફ્લિપકાર્ટ અને થમ્સ અપ પ્રોડક્ટની રીતે પણ અલગ છે પણ મૂળ મુદ્દો એ છે કે આ કિસ્સો પણ થમ્સ અપ જેવો જ છે. આપણે ત્યાં ઈ-કોમર્સ પોર્ટલ્સમાં હમણાં ફ્લિપકાર્ટ ને એમેઝોન વચ્ચે જંગ છે. ફ્લિપકાર્ટ શુધ્ધ ભારતીય કંપની છે જ્યારે એમેઝોન રાક્ષશી મલ્ટિનેશનલ કંપની છે. બંનેની ટક્કરમાં પોતે નહીં ટકી શકે એવું બંસલોને લાગ્યું હોય એ શક્ય છે. એમેઝોન સામે લડવામાં પતી જઈએ તેના કરતાં અત્યારે જે મળે છે લઈને ગાંઠે બાંધીને બેસી જઈએ એવું વિચારીને એ કંપની વેચીને નવરા થઈ જવા માગતા હોય એ શક્ય છે. એમેઝોનને વેચાયા પછી બંનેમાંથી એક બંસલ કંપનીમાં રહેશે. એમેઝોન આ રીતે ભારતીય કંપનીઓ વેચાય છે પછી એ ખતમ જ થઈ જાય છે. કોકે થમ્સ અપને ખતમ કરી નાંખવા વિચાર્યું કેમ કે તેમની પોતાની બ્રાન્ડ બહુ મોટી હતી. થમ્સ અપ જેવી ભારતની એક બ્રાન્ડ આપણી બ્રાન્ડને ખાઈ જાય એ તેમનાથી સહન ના થયું તેમાં તેમણે થમ્સ અપને ખતમ કરવા જાત જાતના દાવ કર્યા. છેવટે જખ મારીને તેમણે થમ્સ અપને જ ચાલુ રાખવી પડી એ અલગ વાત છે પણ ફ્લિપકાર્ટના કિસ્સામાં પણ એ ઘટનાનું પુનરાવર્તન થઈ શકે ને વોલમાર્ટ ફ્લિપકાર્ટને પતાવી દે એવું બને. વોલમાર્ટ પણ તોતિંગ બ્રાન્ડ છે. આપણે ત્યાં સીધા વિદેશી રોકાણના નિયમો આકરા છે એટલે વોલમાર્ટ અહીં નથી, બાકી દુનિયાના બીજા દેશોમાં તેના નામના ડંકા વાગે છે. વોલમાર્ટ એટલી મોટી કંપની છે કે એ અમેરિકાની સરકારને પણ ગાંઠતી નથી ને તેની ઐસીતૈસી કરીને ચાઈનીઝ કંપનીઓ સાથે ધંધો કરે છે. આવી મોટી કંપની હોય એટલે તેમાં બેઠેલા લોકોનો અહમ પણ મોટો હોય. તેમને પણ ફ્લિપકાર્ટને ચાલુ રાખવા કરતાં પોતાની બ્રાન્ડને વધારે મોટી કરવામાં રસ પડે એ શક્ય છે. આશા રાખીએ કે એવું ના બને ને ફ્લિપકાર્ટ ચાલુ રહે. ભારતીયની કંપની નથી તો કંઈ નથી પણ મૂળ ભારતીય કંપની છે એવું આશ્ર્વાસન તો લઈ શકીશું?

# ટ્રમ્પે ન્યુક્લિયર ડિલમાંથી અમેરિકાને અલગ કેમ કરી નાંખ્યુ...!!?

વ્હાઈટ હાઉસના ડિપ્લોમેટિક રિસેપ્શન રૂમમાંથી યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન ન્યૂક્લિયર ડિલમાંથી અમેરિકા બહાર નીકળી ગયું છે,તેવી કરેલી જાહેરાતના પગલે રશિયા જેવા દેશોને બાદ કરતાં, વિશ્ર્વના તમામ દેશો માત્ર અચંબામાંજ નહીં પણ આર્થિક ને રાજકીય કારણોથી આઘાત અનુભવી રહ્યા છે. ૨૦૦૩ના ઈરાકી આક્રમણ વખતે સ્થિતિ જુદી હતી તે વખતે અમેરિકાએ એક અંતર રાખ્યું હતું. પરંતુ આ વખતે આ ન્યૂક્લિયર ડિલ મુદ્દે પરિસ્થિતિ વધારે વિકટ બને તેવું લાગી રહ્યું છે. અમેરિકા ડિલમાંથી બહાર નીકળ્યા પછી જે પ્રકારનાં પ્રતિબંધો ઈરાન સામે લાદશે તેની ખરાબ અસર વૈશ્ર્વિક સ્તરે થવાની છે. ઈરાન હવે જોઈન્ટ કોમ્પ્રીહેન્સીવ પ્લાન ઓફ એક્શન જે જેસીપીઓએ તરીકે ઓળખાય છે તેમાં ચાલુ રહેશે કે નહીં, પરંતુ ડોનલ્ડ ટ્રમ્પે ગર્જના કરતાં કહી દીધું છે કે અમેરિકા ઈરાન પર આકરા આર્થિક પ્રતિબંધ લાદશે. તો, ટ્રમ્પે ડિલમાંથી બહાર નીકળી જવાની કરેલી જાહેરાત પછી ઈરાનના પ્રમુખ હસન રૌહાનીએ તરત જ તેના એટમિક ઈન્ડસ્ટ્રી ઓર્ગેનાઇઝેશનને સતર્ક રહેવા અને કોઇ પ્રકારની મર્યાદા વગર એટમિક ઈન્ડસ્ટ્રીને સમૃદ્ધ બનાવવાની શરૂઆત કરવાનો આદેશ આપી દીધો છે. અણુ કે અણુશસ્ત્રો શસ્ત્રાગારમાં પડયાં હોય ભલે પણ અમેરિકાના પ્રમુખ અને ઈરાનના પ્રમુખે વિશ્ર્વ માટે જોખમી અણુરજકણોનો જાણે વરસાદ વરસાવ્યો છે. વાત તો અણુશસ્ત્રો પરનાં નિયંત્રણની જ હતી. ન્યૂક્લિયર ડિલનો મુખ્ય હેતુ પણ એ જ હતો. પરંતુ ટ્રમ્પને એ ડિલમાં કંઈક જુદી જ ગંધ આવી, તેનો ઈરાનની એ વાત પરથી વિશ્ર્વાસ ઊઠી ગયો અને ડિલ છોડી દીધી. જોઈન્ટ કોમ્પ્રીહેન્સીવ પ્લાન ઓફ એક્શનનો મૂળ હેતુ એ હતો કે ઈરાનના ન્યૂક્લિયર કાર્યક્રમને નિયંત્રણમાં રાખવો જેથી ઈરાન અણુશસ્ત્રો વિકસાવી ન શકે. તે મુજબ ૨૦૧૫માં ઓબામા પ્રમુખ હતા ત્યારે વિયેનામાં ઈરાન અને અન્ય છ રાષ્ટ્રોએ તેના પર સહી કરી દીધી હતી. મતલબ કે ઈરાન અમેરિકાના એ હેતુ સાથે સંમત હતું, અને તે મુજબ ત્રણ મહત્ત્વના ચાવીરૂપ મુદ્દાઓ તેને મંજૂર પણ હતા. જેમાં એવું હતું કે અણુબોમ્બ ન ગણાય તેવું કંઈક બનાવવું જેથી તેના અણુઉદ્યોગ પર વિપરીત અસર ન પડે, જેનું પરીક્ષણ ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી દ્વારા કરવામાં આવે તેના સામે તેને વાંધો નહોતો. તો પછી અમેરિકા કેમ એ ડિલમાંથી ખસી ગયું હશે? એક તો ઓબામાએ કરેલી શરૂઆત હતી, પરંતુ ટ્રમ્પે તો સત્તા પર આવ્યા પછી, તરત જ એ ડિલ સામે કકળાટ શરૂ કરી દીધો હતો આજે પણ એ ડિલને મૂર્ખતાભરી ગણાવે છે. મંગળવારે પણ કરાર મુક્ત થવાની જાહેરાત કરતી વખતે તેમણે એ કરારને ભયંકર અને એકતરફી હોવાનું કહ્યું હતું. ૨૦૧૨માં અમેરિકાએ લાદેલા પ્રતિબંધ અને હાલના પ્રતિબંધમાં ઘણો ફરક છે. અમેરિકા કહે છે કે ઈરાનના ઓઈલ ઈમ્પોર્ટને ઘટાડો નહીં તો જોખમ માટે તૈયાર રહો. આમ પણ અમેરિકાએ વિશ્ર્વ આખાના ફોજદાર થઈને રહેવું હોય છે. આ કરારમાંથી બહાર નીકળી જનાર અમેરિકાની ગણતરી હરીફ દેશોના અર્થતંત્રને બગાડી નાખીને પોતાના મહોતાજ બનાવવાની પણ છે, જેમાં ચીન પર તેની નજર ખાસ છે. ચીનના ઉત્પાદનોની આયાત તેણે આ અગાઉ મોંઘી કરી જ નાખી છે. હવે તેની આંખે એવા દેશો ચઢશે જે તેનું માનશે નહીં, કારણ કે તેની પાસે સૌથી મોટું હથિયાર વિશ્ર્વભરમાં ચલણ તરીકે ફરજિયાત ઉપયોગમાં લેવાતા ડોલર છે. નાણાકીય ચુકવણાની પ્રક્રિયા જ એ મોંઘી કરી નાખશે, તો કેટલાય દેશોના અર્થતંત્રનો વિકાસ રુંધાઇ જશે. અમેરિકાને પોતાને પણ તેણે લાદેલા પ્રતિબંધની અવળી અસર થવાની છે, પણ તેના સાથી દેશો ત્યાં કોઇ ચીજવસ્તુની અછત થવા નહીં દે, પછી એ આયાત કરાતાં ઓઇલની વાત હોય કે અન્ય રિટેઇલ ગેસ જેવી જરૂરી ચીજ હોય! ટ્રમ્પને એ પણ જાણ હશે જ કે ઓઇલના ભાવ વધશે તો અમેરિકાના આર્થિક વિકાસ પર પણ તેની અવળી અસર પડશે. કારણ કે ઓઇલના વધતા જતા ભાવને લઇ એપ્રિલમાં 'ઓપેક'ના દેશોને તેણે આડે હાથ લીધા જ હતા. ભારત પર અસર તો પડશે. ભારતે પણ ઓઇલ પ્રાઇઝીસ બાબતે મુશ્કેલી સહન કરવી પડશે. ઈરાન અત્યારે ઈરાક અને સઉદી અરેબિયા પછી ભારતનું ત્રીજા નંબરનું મોટું ઓઇલ સપ્લાયર છે. ઓઇલના ભાવમાં વધારો થશે એટલે ભારતના ફુગાવાના દરમાં વધારો થશે અને રૂપિયો, યુએસ ડોલરનો મહોતાજ થઇ જશે.

# ગુજરાતની જેમ ભાજપ કર્ણાટકમાં સરકાર બનાવી શકશે ખરા...!?

૨૦૧૪માં નરેન્દ્ર મોદી જયારે ભાજપના વડા પ્રધાન પદના દાવેદાર તરીકે ઊભર્યા અને પછી વડા પ્રધાન બન્યા ત્યારથી ગુજરાતની ભાજપ સરકાર સાવ નકામી થઈ ગઈ હોય તેવી એક પ્રતીતિ થતી હતી. શરૂઆતમાં આનંદીબહેન અને પછી વિજય રૂપાણી મોદી જેવો કરીશ્મા કરી દેખાડવા તો દૂર પરંતુ મોદીની નજીક પણ ગણાય કે તુલના કરી શકાય એવા નિર્ણય લેવામાં પણ નિષ્ફળ ગયા હતા. ૨૦૧૭ની ચૂંટણી પછી ફરી પાછા મુખ્ય પ્રધાનપદે બિરાજમાન થયેલા વિજય રૂપાણી પણ કથિત રીતે જાણે મોવડીમંડળની કઠપૂતળી હોય તેમ સત્તા ટકાવી રાખવા માટેના ફાંફાં મારી રહ્યા હતા. કોંગ્રેસના વિધાનસભ્યોના આંકડામાં થયેલો વધારો, પક્ષની અંદર જ સત્તા માટેની સાઠમારી વગેરેને કારણે પ્રજાલક્ષી કાર્યો અભેરાઈ પર મુકાઈ ગયા હોય તેમ લાગી રહ્યું હતું, પરંતુ છેલ્લા બે મહિનામાં ગુજરાતની ભાજપ સરકારે લીધેલા બે નિર્ણયો જોઈ એમ લાગી રહ્યું છે કે ભાજપ સરકારની ગુજરાત સરકારની ગાડી પાટે ચઢી ગઈ હોય. ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં અંગ્રેજી ભાષા એ રીતસર પ્રાદેશિક ભાષાઓ પર આક્રમણ કર્યું છે. ગુજરાતી, હિન્દી, મરાઠી, જેવી અનેક ભાષાઓ આ આક્રમણનો ભોગ બની છે. આને ખાળવા માટે જે તે રાજ્યમાં દસમા સુધીના શિક્ષણમાં રાજ્યની ભાષા ફરજિયાત હોવી જોઈએ તેવી માગ અનેક વખત ઊઠી હતી, પરંતુ ગુજરાતમાં આની સામે આંખ આડા કાન કરવામાં આવતા હતા, પરંતુ હાલની રૂપાણી સરકારે ગુજરાતમાં દસમા ધોરણ સુધી ગુજરાતી ભાષા ફરજિયાત કરવાનો નિર્ણય જાહેર કરતાં માતૃભાષા પ્રેમીઓમાં ખુશીની એક લહેર દોડી ગઈ છે. હજુ તો આ સારા સમાચારને આપણે પચાવીએ તે પહેલાં જ ગુજરાત સરકારે એક અભૂતપૂર્વ નિર્ણય લીધો છે. માર્ગ અકસ્માતમાં ઘાયલ થનારાઓ માટે ૪૮ કલાક સુધી તેમ જ રૂ. પચાસ હજાર સુધીની સારવાર સરકારી ખર્ચે કરવામાં આવશે. જો ઈજા પામેલ વ્યક્તિને ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હશે તો પણ તેને આ સહાય મળશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે ઈજા પામેલ વ્યક્તિની આવકને આ સહાય માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. તેમ જ ઈજા પામેલ વ્યક્તિ ક્યા રાજ્યનો છે, ક્યા ધર્મનો છે કે કઈ જાતિનો છે તે પણ જોવામાં આવશે નહીં. સહુને એકસરખી મદદ કરાશે. આ યોજનાને કારણે માર્ગ અકસ્માતમાં ઈજા પામનારાઓને જરૂરથી રાહત મળશે. ઉપરોક્ત બંને નિર્ણય માટે ગુજરાતની ભાજપ સરકારની સરાહના કરો તેટલી ઓછી છે. છાશવારે ભાજપને જાતિવાદી કે કોમવાદી પક્ષ ગણીને તેની ઉપેક્ષા કરતાં મીડિયાએ ભાજપની સરકારના આવા અભૂતપૂર્વ નિર્ણયની નોંધ પણ નથી લીધી. કેમ કે ઈલેક્ટ્રોનિક માધ્યમોને ટીઆરપી વધારવા માટે જોઈતો મસાલો આ સમાચારમાં મળે તેમ નથી. આ તો જનતાને ફાયદો થાય અને તેનો લાભ ભાજપને મળે તેમ છે, આથી આવી સેક્યુલર હોવાનો દાવો કરતી ભાજપદ્વેષી ચેનલો તમને આ સમાચાર નહીં જ બતાડે. બીજું આ નિર્ણયની કોઈ અસર કર્ણાટકની ચૂંટણી પર પડવાની નથી, કેમ કે આ નિર્ણય માત્ર ગુજરાત રાજ્ય પૂરતો જ છે. આવા નિર્ણયો લેવા માટે મોદી પ્રખ્યાત હતા, હવે વિજય રૂપાણીએ પણ આની શરૂઆત કરી દીધી છે. જો ભાજપની સરકાર ગુજરાતમાં પ્રજાલક્ષી આવા નિર્ણયો લેતા હશે તો ૨૦૧૯માં ગુજરાતની જનતા જરૂરથી તેમની રિટર્ન ગિફ્ટ(!) આપશે જ એમાં કોઈ શંકા નથી. કેટલાક વાંક દેખનારાઓને આમાં પણ એમ લાગે છે કે આ તો ભાજપ આટલા વર્ષે સો બેઠકના આંકડે નથી પહોંચ્યું એટલે પ્રસિદ્ધિ મેળવવા માટેનાં હવાતિયાં છે, પરંતુ પ્રજાના હિતમાં હોય તો આ હવાતિયા પણ ચાલે તેમાં કોઈ શંકા નથી.

# રામાયણ સ્ત્રીઓના ટુંકા વસ્ત્રોની

ટીવીના જાણીતા રિયાલીટી શોની વિજેતા અભિનેત્રી ગૌહરખાનને તેના ટુંકા વસ્ત્રોના કારણે એક કટ્ટરવાદી યુવાને તાજેતરમાં થપ્પડ ઝીંકી દેતાં તેની ગૂંજ દેશભરમાં સંભળાઈ હતી. એક રિયાલિટી શોના શુટીંગ દરમિયાન આ ઘટના બની હતી. મોહમદ અકિલ મલિક નામના ૨૪ વર્ષીય યુવાને એમ કહીને ગૌહરને થપ્પડ ઝીંકી દીધી હતી કે 'મુસ્લિમ થઈને પણ આવા કપડા પહેરવામાં અને ગંદા ગીતો પર નાચતાં તને શરમ નથી આવતી ?' મલિકે ઈસ્લામના સિદ્ધાંતો ખાતર આમ કર્યાના તેના દાવા સાથે સહમત થઈ શકાય તેમ નથી. કેમ કે તેણે ગૌહરને માત્ર થપ્પડ જ નહોતી મારી, બલ્કે તેની છેડતી પણ કરી હતી. જો તેણે ઈસ્લામના સિદ્ધાંતો થકી થપ્પડ મારી હતી તો છેડતી કયા સિદ્ધાંતો ખાતર કરી હતી ? ઈસ્લામ છેડતીની ઈજાજત તો આપે જ નહીં. બલ્કે ઈસ્લામ કે કોઈપણ ધર્મ છેડતીને પાપ જ ગણતો હોય છે. છેડતી ધર્મ વિરૂદ્ધનું જ કૃત્ય છે. એક મુસ્લિમ હોવા છતાં છેડતી જેવું પાપ કરનાર વ્યક્તિ ધર્મના નામે કોઈને થપ્પડ કેવી રીતે મારી શકે ? આ કૃત્ય કરીને મલિકે પોતાની વિકૃતિ દેખાડી છે. છેડતી અને થપ્પડ બન્ને તેની વિકૃતિને છતી કરે છે. ગૌહરખાન એકલી નથી, જે જાહેરમાં ટુંકા વસ્ત્રો પહેરતી હોય. અનેક- લાખો યુવતીઓ ટુંકા વસ્ત્રો પહેરીને ફરે છે. તેનો વિરોધ પણ થાય છે. પણ કોઈ તેમને થપ્પડ મારતું નથી. ટુંકા વસ્ત્રો સામે વિરોધ કરવાનો કોઈને પણ અધિકાર છે પણ એ અંગે કાયદો હાથમાં લેવાનો કોઈને અધિકાર નથી. ટુંકા વસત્રોનો વિરોધ કરનારાઓની દલીલ છે કે, સ્ત્રીઓના ટુંકા વસ્ત્રોને લઈ યુવાનો જાતીય રીતે ઉતેજીત થઈ જાય છે. આ દલીલ દમ વગરની નથી, પણ સ્ત્રીઓએ કયા વસ્ત્રો પહેરવા તે અંગે નિર્ણય લેવાનો અધિકાર એકલદોકલ વ્યક્તિનો નથી. સામુહિક રીતે કોઈ સમાજ આ માટે માર્ગદર્શક સિદ્ધાંતો કદાચ ઘડી શકે પણ તે માટે સજા નક્કી કરી શકે નહીં. સજા સૂચવતો કાયદો દેશની સંસદ કે ધારાસભા જ કરી શકે અને તેય બંધારણની મર્યાદામાં રહીને. ટુંકા વસ્ત્રોની તરફેણ કરનારાઓની દલીલ છે કે, 'ટુંકા વસ્ત્રોના કારણે બળાત્કારો થાય છે તે વાત ખોટી છે. કેમ કે બળાત્કારની મોટાભાગની ઘટનાઓ પુરા વસ્ત્રો પહેરતી સ્ત્રીઓ સાથે વધુ પ્રમાણમાં બને છે.' પરંતુ આ દલીલમાં દમ નથી. ટુંકા વસ્ત્રો પહેરનારી સ્ત્રીઓ બળાત્કારનો ભોગ નથી બનતી પણ તેમના વસ્ત્રોના કારણે ઉતેજિત થયેલા વિકૃતોના શિકાર અન્ય મહિલાઓ બને છે. તેમાં માસુમ બાળકીઓનો પણ સમાવેશ થાય છે. માસુમ બાળકીને જોઈને કોઈ ઉતેજિત થઈ જતું નથી. પણ અન્ય કારણથી ઉતેજિત થયેલા વિકૃત ઈઝી અવેલેબલ-સહેલાઈથી પ્રાપ્ત શિકારને નિશાન બનાવે છે. આમ કોઈકના કર્યા કોઈકને ભોગવવા પડે છે. ઘણા-ખાસ કરીને કેટલીક યુવતીઓએ એવી દલીલ કર્યાના અહેવાલો માધ્યમોમાં પ્રસિદ્ધ થાય છે કે, મહિલાઓએ પોતાના શરીરને કેટલું દેખાડવું અને કેટલું ન દેખાડવું તે નિર્ણય લેવાનો તેમને જ હક્ક છે. કેમ કે શરીર એમનું છે. બામ કોઇ ફિલ્મી અભિનેત્રીએ કહ્યું હતું. આ દલીલ પણ દમ વગરની છે. કાલે તો તેઓ એવી દલીલ પણ કરી શકે છે કે તેમનું શરીર છે. તેનો શું ઉપયોગ કરવો તેનો નિર્ણય પણ તેઓ લઈ શકે છે. દરેક માણસો કાયદામાં અનો મર્યાદામાં રહેવું પડે છે. કોઈ નિર્વસ્ત્ર થવાની આઝાદી ભોગવી શકે નહીં. એ ખરૂં કે અત્યારે ટુંકા વસ્ત્રો પહેરવા પર કોઈ પ્રતિબંધ નથી એટલે તેઓ એટલી આઝાદી' ભોગવી રહ્યા છે. માત્ર સ્ત્રીઓએ જ નહીં પુરૂષોએ પણ મર્યાદા જાળવતા વસ્ત્રો પહેરવા જોઈએ. ફિલ્મોમાં શર્ટ ઉતારીને ઉપરના ખુલ્લા બદન સાથે ફરતા યુવાનોને પણ એવી છૂટ આપી શકાય નહીં. દરેકે પોતાની મર્યાદામાં રહેવું જોઈએ. ધાર્મિક કારણોસર પણ આવી છૂટ આપવી જોઈએ નહીં. જેમ અર્ધનગ્ન સ્ત્રી થકી પુરૂષ ઉતેજિત થઈ જાય છે તેમ અર્ધનગ્ન પુરૂષને જોઈને સ્ત્રીઓ પણ ઉતેજિત થતી હોય છે. સ્ત્રીઓ મર્યાદામાં વિશેષ રહેતી હોય છે એટલે તે પુરૂષો પર જાતીય હુમલા ભાગ્યે જ કરે છે. એ બાબતમાં માત્ર પુરૂષો જ બદનામ છે. પુરૂષો માટે મર્યાદિત વસ્ત્રોનો આગ્રહ પરિવારોમાં થતો હોય છે તો જાહેરમાં કેમ ન થાય ? પોતાના ઘરમાં પુરૂષ ઉપર માત્ર બાંય વગરનું ગંજી પહેરીને બેઠો હોય અને બહારથી કોઈ મહિલા મહેમાન આવે તો તે પુરૂષ તરત ખમીશ પહેરી લઈ પોતાની મર્યાદા સાચવે છે. જ્યારે બહાર ફિલ્મના પડદા પર ખુલ્લા બદન સાથે પુરૂષોને કેમ બતાવી શકાય ? ફિલ્મોમાં પણ ઘરે આવેલી મહિલાની મર્યાદા સાચવવા ઉતાવળુ ખમીશ પહેરી લેતા પુરૂષના દશ્યો બતાવવામાં આવતા હોય છે છતાં એ જ ફિલ્મ નિર્માતાઓ રસ્તા વચ્ચે સલમાનખાનોને માત્ર પેન્ટ પહેરીને નાચતા બતાવે છે.

ઘનશ્યામ માખીજા ૯૪૨૬૩૨૮૮૭૨
લકી વોટર સપ્લાય
ચોખ્ખા પાણી માટે મળો
કમલ સીનેમા પાછળ, રામનગર, સાબરમતી, અમદાવાદ- ૩૮૦ ૦૦૫.

ગરવી ગુજરાત


એક શુભેચ્છક

## સંતાન વિહોણી મહિલા સાથે ઢોંગી ભૂવાએ વિધિના બહાને દુષ્કર્મ આચર્યુ

(જી.એન.એસ)તાલાલા,તા.૧૩ તાલાલાની એક પરિણીતાને સંતાન પ્રાપ્તી ન થતાં બોરવાવનાં દાસબાપુ પરસોતમ ડોબરીયાનાં સંપર્કમાં આવી હતી. આ દાસબાપુ ભુવા એ પરિણીતાને પોતાના ઘરે બોલાવતાં પરિણીતા અને તેની સાસુ બોરવાવ ગયા હતા. જ્યાં પરિણીતાની સાસુને ઘર બહાર બેસાડી ભુવાએ પરિણીતાને ખાટલામાં નિર્વસ્ત્ર થઇ સુઇ જવા કહ્યું હતું સાથે ભુવોએ પોતે પણ પોતાના વસ્ત્રો ઉતારી દીધા હતાં અને પોતે નિર્વસ્ત્ર બની તેની સાથે સુઇ ગયો હતો. પરિણીતાનો વિરોધ કરવા છતા પાખંડી ભુવાએ પરિણીતાની ઈચ્છા વિરૂદ્ધ તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો ત્યારબાદ ફરીથી ભુવાએ વિધી ફેલ ગઇ હોવાનું કહી ફરીવાર પરિણીતા સાથે દુષ્કર્મ આચર્યું હતું. આમ ઢોંગી ભૂવાએ વિધીની બહાને પરિણીતા પુર દુષ્કર્મ આચર્યુ હતું. જોકે થોડા દિવસો બાદ દાસબાપુનો ફરી પરિણીતાનાં પતિને ફોન આવ્યો હતો અને બંને પતિ-પત્નીને પોતાના ઘરે આવવા જણાવ્યું હતું. પતિએ પત્નીને ભુવાનાં ઘરે જવાનું કહેતાં પરિણીતાએ ભુવાને ઘરે જવાની ના પાડી દીધી હતી અને પત્નીએ ભુવાદાસબાપુએ અગાઉ મેલી વિદ્યા કાઢવાનાં બહાને પોતાના પર બે વાર આચરેલા દુષ્કર્મની વાત કહેતાં પતિ-પરિણીતાને લઇ તાલાલા પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. પરણિતાની ફરિયાદના આધારે પોલીસે પાખંડી ભુવાની ધરપકડ કરી લીધી છે અને આ મામલામાં કોર્ટે ઢોંગી ભૂવાના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

## ઉડી શકતાં સૌથી ભારે પક્ષી ઘોરાડની વસતી ગુજરાતમાં માત્ર ૨૦ જ!

(જી.એન.એસ)અમદાવાદ,તા.૧૩ 'ઈન્ટરનેશનલ યુનિયન ઓફ કન્ઝર્વેશન નેચર(આઈયુસીએન)'ના એપ્રિલ મહિનામાં રજૂ થયેલા રિપોર્ટ પ્રમાણે આખી દુનિયામાં પક્ષીઓની પ્રજાતી રોજ રોજ નષ્ટ થતી જાય છે. લુપ્ત થવાની નજીક પહોંચેલા પક્ષીઓમાં હવે 'ધ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ (ઘોરાડ)'નો પણ સમાવેશ થાય એ દિવસો દૂર નથી. કેમ કે હાલ ગુજરાતમાં તેની વસતી માંડ ૨૦ રહી છે. નિષ્ણાતોના કહેવા પ્રમાણે ૨૦માં પણ ૧૯ માદા છે, જ્યારે નરની સંખ્યા ૧ જ છે. રિપોર્ટ પ્રમાણે આખા ભારતમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને ગુજરાતમાં જ ઘોરાડની વસતી છે. એમાં પણ સૌથી ઓછી વસતી ગુજરાતમાં રહી છે, કેમ કે ગુજરાત સરકારે ક્યારેય આ મહામુલા પક્ષીના સંરક્ષણ પ્રત્યે ધ્યાન આપ્યું નથી. આખા ભારતમાં આ પક્ષીની વસતી ઘટીને ૨૦૦થી ઓછી થઈ ગઈ છે. ઘોરાડ પૃથ્વી પર ઊડી શકતા સૌથી ભારે પક્ષીઓમાં સ્થાન પામે છે. તેનું વજન ૧૫થી ૧૮ કિલોગ્રામ જ્યારે ઊંચાઈ ૧ મિટર સુધીની હોય છે. એક સમયે મધ્યપ્રદેશમાં પણ આ પક્ષી જોવા મળતાં હતા પરંતુ એ રાજ્ય હવે 'ઘોરડ-મુક્ત' થઈ ચૂક્યુ છે. શરમાળ ઘોરાડ એ સંજોગોમાં અહીં શાંતિથી રહી શકે એમ નથી. તેની વસતી વધતી નથી અને જે છે એ સરકાર સાચવી શકતી નથી. ૧૯૭૨ના વન્યજીવ કાયદા પ્રમાણે આવા સજીવોને બચાવવા માટે સરકારે જે કંઈ કરવુ પડે એ કરવું જોઈએ. કમનસીબે ગુજરાત કે કેન્દ્ર સરકાર કંઈ જ કરતી નથી. આજે ઘોરાડના દર્શન દુર્લભ છે, પણ એક સમયે તેની વસતી નોંધપાત્ર હતી. ૧૯૬૯માં ગણતરી થઈ ત્યારે વસતી ૧૨૬૦ નોંધાઈ હતી. એ પછી ૨૦૦૮માં ૩૦૦ નોંધાયા હતા. પરંતુ ૭૫ ટકા વસતી ઘટી ગઈ હોવા છતાં પર્યાવરણ વિભાગે કોઈ કાર્યવાહી કરી નથી.

## પાનકાર્ડના દસ્તાવેજો હોવા છતાં સુધારો ન કરી આપતાં આઈટીની હાઈકોર્ટે ઝાટકણી કાઢી

(જી.એન.એસ)અમદાવાદ,તા.૧૩ વડોદરાની મહિલા અરજદારે તેના પાનકાર્ડમાં નામમાં સુધારો કરવા મુદ્દે આવકવેરા વિભાગના એનએસડીએલ ડિપાર્ટમેન્ટને અરજી કરી હતી. મહિલા અરજદારના વર્ષ ૨૦૧૫માં ડિવોર્સ થતાં તેણે પોતાના નામની પાછળ પતિનું નામ સુધારીને તેના સ્થાને ફરીથી પિતાનું નામ લગાવવા માટે આ અરજી કરી હતી. આધારકાર્ડમાં આ સુધારો કરી દેવાયો હતો તેની નકલ તેમજ ડિવોર્સ પેપર એનએસડીએલ વિભાગ સમક્ષ રજૂ કરવા છતાં પાનકાર્ડમાં એક વર્ષ સુધી આઈટી વિભાગે કોઈ જ સુધારો કર્યો ન હતો. ઉલ્લેખનીય છે કે આ ઘટનાને પગલે અરજદાર મહિલાએ હાઈકોર્ટમાં અરજી કરતા કોર્ટે કેન્દ્રીય નાણામંત્રાલય, વડોદરા આઈટી વિભાગ તેમજ આઈટીના પાનકાર્ડ સુધારણાની કામગીરી કરતા એનએસડીએલ વિભાગની પણ ઝાટકણી કાઢી છે. કોર્ટે પાનકાર્ડમાં ૩૦ જૂન સુધીમાં ફેરફાર કરી દેવા આદેશ કર્યો છે. ઉલ્લેખનીય છે કે પાનકાર્ડમાં સુધારા કરવા માટેની હજારો અરજીઓ લાંબા સમયથી આઈટી વિભાગ સમક્ષ પેન્ડીંગ પડી છે. આપને જણાવી દઈએ કે,પાનકાર્ડમાં છપાયેલ નામમાં ઘણીવાર ફેરફાર આવતા હોવાથી અરજદારે સુધારો કરવા માટે અરજી કરવી પડે છે ત્યારે વડોદરાની એક મહિલા અરજદારને ૨૦૧૫માં પતિ સાથે ડિવોર્સ થતા તેણે પોતાના પાનકાર્ડમાંથી પોતાના પતિનું નામ હટાવી પોતાના પિતાનું નામ જોડવા માટે અરજી કરી હતી. જો કે આ મહિલાએ પાનકાર્ડનાં નામમાં સુધારો કરવા માટે રજૂ કરવા પડતા તમામ દસ્તાવેજો અરજી સાથે બિડેલ હોવા છતાં આયકર વિભાગ દ્વારા સુધારો કરી આપવામાં નહીં આવતા મહિલાએ હોઈકોર્ટે અરજી કરી હતી જેના પગલે આ મામલે હાઈકોર્ટે મહિલા તરફી જવાબ આપી આઈટી વિભાગના પાનકાર્ડ સુધારણાની કામગીરી કરતા એનએસડીએલ વિભાગની પણ ઝાટકણી કાઢી હતી.

## ચંડોળ તળાવમાં કોંગ્રેસે ક્રિકેટ રમી અનોખો વિરોધ નોંધાવ્યો

(જી.એન.એસ)અમદાવાદ,તા.૧૩ સુજલામ સુફલામ જળ સંચય અભિયાન હેઠળ અમદાવાદના ૧૨ તળાવોમાંથી ઐતિહાસિક ચંડોળા તળાવનો સમાવેશ કરવામાં ન આવતા કોંગ્રેસે અનોખો વિરોધ કર્યો છે. સુકાભઠ્ઠ થયેલા ચંડોળા તળાવને ઉંડુ કરવા કોંગ્રેસે માંગ કરી છે. અમદાવાદના ચંડોળા તળાવને જળ સંચય અભિયાનમાંથી બાકાત રાખવામાં આવતા કોંગ્રેસના નેતાઓએ ચંડોળા તાળવમાં ક્રિકેટ રમીને વિરોધ કર્યો છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે, ચંડોળા તળાવ કોંગ્રેસના મત વિસ્તારમાં આવતું હોવાથી તળાવને જળ સંચય અભિયાનમાંથી બાકાત રાખવામાં આવ્યુ છે. કોંગ્રેસે જીસીબી મશીનો લાવીને ચંડોળા તળાવને ઉંડુ કરવાની કામગીરી હાથ ધરી છે. અમદાવાદના અનેક તળાવોની સફાઈ અને ઉંડા કરવામાં આવી રહ્યા છે. ત્યારે ચંડોળા તળાવને તેમાથી બાકાત રાખવામાં આવ્યું છે. કોંગ્રેસ નેતાઓનું કહેવુ છે કે, સરકારે ચંડોળા તળાવને ૧૦૦ કરોડના ખર્ચે વિકસીત કરવાની જાહેરાત કરી હતી. પરંતુ ચંડોળા તળાવનો વિકાસ કરવામાં આવ્યો નથી. ચંડોળા તળાવનું પાણી સુકાઈ જતા આસપાસના લોકોને પાણી માટે વલખા મારવા પડે છે. ત્યારે ચંડોળા તળાવને સરકાર દ્વારા ઉંડુ કરવામાં આવે તેવી માગ કોંગ્રેસે કરી છે.

## વાપીમાં કેમિકલ કંપનીમાં આગ, ભાવનગરમાં ટ્રાન્સફોર્મર સાથે ટ્રક અથડાતા આગ

(જી.એન.એસ)વાપી,તા.૧૩ ગરમીના દિવોસમાં આગ લાગવાની ઘટનાઓમાં વધારો થતો હોય છે. ત્યારે આવી જ એક ઘટના વાપીમાં બની છે. વાપી જીઆઈડીસીની કેમિકલ કંપનીમાં ભીષણ આગ લાગી છે. મળતી માહિતી પ્રમાણે રવિવારે વહેલી સવારે વાપી જીઆઈડીસીમાં આવેલી કેમિકલ કંપનીના સોલવન્ટના ટેક્ટમાં આગ લાગી હતી. ત્યારબાદ આગે કંપનીનો મોટાભાગનો વિસ્તાર પોતાની લપેટમાં લઇ લીધો હતો. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેટની ટીમો સ્થળ ઉપર પહોંચીને આગ ઉપર કાબુ લેવાની કામગીરી કરી હતી. આશરે ૬થી વધારે ફાયર ફાયટરોની મદદથી ફાયરની ટીમે આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આ આગ કેવી રીતે લાગી એ અંગેનું કારણ હજી અકબંધ છે. આ ઉપરાંત ભાવનગરના ભીડભંજન મંદિર પાસે એક ટ્રક પીજીવીસીએલના ટ્રાન્સફોર્મર સાથે અથડાઈ હતી. જેના પગલે ટ્રાન્સફોર્મર અને ટ્રક બંનેમાં આગ લાગી હતી. આગના કારણે ટ્રક બળીને ખાખ થઇ હતી. આ અંગે જાણ થતાં ફાયર ફાઈટર ઘટના સ્થળે આવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, શનિવારે પણ ગુજરાત રાજ્યમાં ૪ અલગ અલગ જગ્યા પર આગ લાગવાની ઘટના સામે આવી છે. સુરત, વાપી, અમદાવાદ અને ભાવનગરમાં આગ લાગી હોવાનું સામે આવ્યું છે. જેને લઈને દોડધામ મચી ગઈ હતી.

### પોરબંદરના બગવદર ગામે સુજલામ સુફલામ યોજનાનો પ્રારંભ ,

# જળ શ્રી કૃષ્ણ'ના મંત્રથી ગુજરાતને પાણીદાર બનાવીશું : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

(હિં.સ.)સોઢાણા,તા.૧૩ પોરબંદર તાલુકાના બગવદર ગામે રાજ્ય સરકારની સુજલામ સુફલામ યોજનાનો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રારંભ કરાવતા એવું જણાવ્યું હતું કે 'જય શ્રી કૃષ્ણ' ના મંત્રની સાથે હવે 'જળ શ્રી કૃષ્ણ' ના મંત્રથી ગુજરાતને પાણીદાર બનાવીશું. પોરબંદર સહિત સમગ્ર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત જળસંચય યોજનાનો પ્રારંભ કરાયો છે ત્યારે બગવદર ગામે રાંદલ માતાજીના મંદિરે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે શ્રમદાન કરીને જળસંચય યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ એવું જણાવ્યું હતું કે 'જય શ્રી કૃષ્ણ' ના મંત્રની સાથે હવે 'જળ શ્રી કૃષ્ણ' ના મંત્રથી ગુજરાતને વધુ પાણીદાર બનાવવું એ મારી નેમ છે. વિશ્વના બીજા દુબઈ, હોંગકોંગ, સીંગાપુર સહિતના બીજા દેશોની જેમ ગુજરાતમાંથી મીઠું પાણી બનાવવાનો પ્રોજેક્ટ ટુંક સમયમાં જામનગરના જોડીયા ખાતે નાખવામાં આવશે. ગુજરાતના લોકો પાસે હજુ ૧૮ દિવસ છે એટલે ૫ ના બદલે ૧૦ મશીનો લગાવો અને તળાવો, નદી-નાળા ઉંડા કરાવો જેથી પાણીની સંગ્રહશક્તિમાં વધારો થાય અને ગુજરાતભરના લોકોને પાણી ઉપયોગી નીવડે. અગાઉ ક્યારેય ન થયું હોય તેવું તળાવો ઉંડા કરવાનું વિરાટ કાર્ય હાથ ધરાયું છે જેનાથી ૧૧ લાખ ઘનફૂટ પાણીની સંગ્રહક્ષમતા વધશે અને દોઢ વર્ષમાં સૌરાષ્ટ્રમાં નર્મદાના પાણીથી ૧૧૫ ડેમો ભરાઈ જશે જેથી સૌરાષ્ટ્રના ખેડૂતો વધુ સમૃદ્ધ બનશે. જિલ્લાભરમાં ૧૨૫ થી વધુ જગ્યાએ લોકભાગીદારીથી જળ અભિયાનના કાર્યો ચાલી રહ્યા છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં વિજય રૂપાણીએ કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરતા એવું જણાવ્યું હતું કે જળસંચય યોજનાના હવનમાં હાડકા નાખવાનું કામ કરી વોટબેંકની રાજનીતિ રમવાનું બંધ કરે. આ તકે ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ રમેશભાઈ ઓડેદરા, જિલ્લા ભાજપ પ્રમુખ વિક્રમભાઈ ઓડેદરા, તાલુકા પંચાયતના પ્રમુખ વિરમભાઈ કારાવદરા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એવું જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતની જનશક્તિ જળઅભિયાનને ઉજાગર કરવા કામે લાગી જાય. રાજ્યમાં જળસંગ્રહ ક્ષમતા વધારવા નિયત સાફ હોવાનું સ્પષ્ટ હોવાનું કહ્યુ હતુ અને પ્રજા સરકારની સાથે છે ત્યારે વિરોધીઓને પાણી વિશે બોલવાનો અધિકાર ન હોવાનું પણ જણાવ્યું છે. નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં ગટરના ગંદા પાણી વહી જતા હોય છે. આ વહી જતા ગટરના પાણીને શુદ્ધ કરવાની પોલીસી લઈ આવશું. આમ, ગંદા પાણીને શુદ્ધ કરીને ઉદ્યોગોમાં, બાગ-બગીચાઓમાં, ખેતીમાં ઉપયોગી બની શકે તેવું આયોજન કરવામાં આવશે. બગવદર સૂર્ય રન્નાદે મંદિરના પટાંગણમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત જળસંચય યોજનાના પ્રારંભનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા ત્યારે આ કાર્યક્રમ ૫૮ મિનીટમાં પૂરો થયો હતો. સુજલામ સુફલામ યોજના અંતર્ગત જળસંચય યોજનાનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ ખાતમુહૂર્ત સમયે નારીયેળ વધાર્યું હતું અને નાળીયેર ઉભું ફાટે તો સારા શુકન કહેવાય તેવી લોકવાયકા છે. ત્યારે વિજય રૂપાણીએ પણ નાળીયેર ઉભું ફાટ્યું છે તેવું જણાવ્યું હતું. ધારાસભ્યએ મુખ્યમંત્રીને પાઘડી પહેરાવી કર્યું અભિવાદન બગવદર ગામે સૂર્ય રન્નાદે મંદિરના પ્રાંગણમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત જળસંચયના પ્રારંભ કાર્યક્રમમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ હાજરી આપી હતી. આ પ્રસંગે મહેરસમાજના પહેરવેશ સાથે દીકરીઓએ મુખ્યમંત્રીનું સ્વાગત કર્યું હતું અને ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયાએ મુખ્યમંત્રીને પાઘડી પહેરાવી ઉપસ્થિતોએ તેમનું અભિવાદન કર્યું હતું. કાર્યક્રમમાં નદી-નાળા, તળાવો ઉંડા કરવાની કામગીરી માટે જે મજુરો હાજર હતા તે મજુરોના મુખ્યમંત્રીએ ખબર-અંતર પૂછ્યા હતા અને મજુરો અંગેની પણ વિગતો મેળવી હતી. ત્યારે મજુરોને યુવા ભાજપની ટીમ સાથે રહીને સુખડી અને છાશનું વિતરણ કર્યું હતું. બગવદર ખાતે સુજલામ સુફલામ જળસંચય અભિયાનના કાર્યક્રમમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી હાજર રહ્યા હતા.બગવદર ગામે આવેલ શ્રી સૂર્ય રન્નાદે મંદિરમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી અને ગુજરાતના સર્વાંગી સુખ તેમજ આગામી ચોમાસા દરમિયાન સારા વરસાદ માટે પ્રાર્થના કરી હતી.

# કચ્છમાં ગુંડારાજ, જાહેરમાં હિસ્ટ્રીસીટરની હત્યા, સીસીટીવીમાં કેદ

(જી.એન.એસ)ભૂજ,તા.૧૩ અંજાર- આદિપુર વચ્ચે આવેલા શનિ મંદિર સામે ઝૂંપડામાં રહેતા એક હિસ્ટ્રીસીટર ધર્મેન્દ્રસિંહ રાજપુતની હત્યા કરવામાં આવી હતી. હત્યાને પગલે ચકચાર મચી ગઇ હતી. ધર્મેન્દ્રસિંહ થોડાક દિવસ પહેલાં જ પિસ્તોલ અને જીવતા કારતુસ સાથે પકડાયા હતો પણ તેને જામીન પર છોડવામાં આવ્યો હતો. ધર્મેન્દ્રસિંહની હત્યાનો ઘટનાક્રમ સીસીટીવીમાં કેદ થયો હતો. જેની હત્યા થઈ છે તે સફેદ બંડી પહેરેલો વ્યક્તિ (ધર્મેન્દ્રસિંહ) દોડતો દોડતા રોડ બાજુ આવે છે. તેનો પીછો કરતાં ઈસમો દોડી આવે છે અને તેનો રસ્તો રોકી લે છે. ત્યારબાદ બંડીવાળા વ્યક્તિને ત્રણેય ઈસમો તીક્ષ્ણ હથિયારથી વાર કરવા લાગે છે. બાદમાં ચોથો વ્યક્તિ દોડતોદોડતો આવે છે અને નીચે પડી ગયેલા વ્યક્તિ પર હથિયારથી ઘા ઝિંકવા લાગે છે. દરમિયાન સામેની દિશામાં પસાર થતાં લોકો અને વાહનો રોકાઈ જાય છે. જેને જોઈને હત્યા કરી રહેલા પૈકીના એક ઈસમે તેમને ત્યાંથી ભાગી જવા ઈશારો કરે છે. બાદમાં સ્કોર્પિયો સામેની દિશાથી ટર્ન લે છે. અને પાછળ એક સ્વિફ્ટ કાર આવીને ઊભી રહે છે તેમાં હુમલાખોર નાસી છૂટે છે. સાત લોકોએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને ધર્મેન્દ્રસિંહની હત્યા કરી હતી. મૃતકની પત્ની રણજીતાસિંહે સ્કોર્પિયો અને સ્વિફ્ટમાં આવેલા ભચાઉના અનવર રાજા, કીડાણામાં રહેતા ફાતિમાના દીકરો કારો, શબ્બીર અને તેમની સાથે આવેલા અજાણ્યા ૩-૪ શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. ધર્મેન્દ્ર સિંહ ઉપર હત્યા, ખંડણી, મારામારી, અપહરણ સહિતના કેટલાક ગુના નોંધાયેલા હતા. આ હત્યા ક્યા કારણોસર કરવામાં આવી છે તેની તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટનાની તપાસ પીઆઈ બી.આર.પરમારને સોપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, આરોપીઓને ઝડપી પકડવા જુદીજુદી ટીમો બનાવી ચક્રો ગતિમાન કરાયા છે.

### રાજકીય નેતાઓના ઈશારે, ખાડીયાના ગાંધીરોડ પર

# ગેરકાયદેસર બાંધકામો સામે લડનાર કાર્યકરોને ખંડણીમાં ફસાવાની ધમકી

(હિં.સ.)અમદાવાદ,તા.૧૩ શહેરના મધ્યઝોન ખાડીયા, કાલુપુર સહિતના મ્યુ.વોર્ડોમાં રાજકીય નેતા અને ઉચ્ચ અધિકારીની મીલીભગતથી સરેઆમ જીપીએમસી એક્ટનો ભંગ કરીને ગેરકાયદેસર કોમર્શિલ બાંધકામોનો રાફડો ફાટ્યો છે. આવા ગેરકાયદેસ બાધકામોને કારમે ગાંધીરોડ,રતન પોળ, કાળુપર સહિતના વિસ્તારોમાં ટ્રાફિક અને પાર્કિની ગંભીર સમસ્યાઓ ઉભી થઈ છે. આ સમસ્યાનો ઉકેલ ગેરકાયદેસ બાંધકામોને અટકાવાનો છે. કેટલકા જાગૃત આરટીઆઈ એક્ટીવીસ અને કાર્યકરો મધ્યઝોનમાં ગેરકાયદેસર બાંધકામો અટકાવા અને સીલ મરાવવા મધ્યઝોનના સક્ષમ અધિકારીઓને લેખિત અરજીઓ કરે છે. તો રાજકીય ઈશારે તેમના પર ખંડણીના કેશ કરી જેલમાં બંધ કરી દેવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ સ્તાનિક રહીશો હકિકતમાં આવા ગેરકાયદેસર કોમર્શિલ બાંધકામો થી હેરાન પરેશાન થઈ ગયા છે. તેથી આવા ગેરકાયદેસર બાંધકામો અચકાવવા ઝુંબેશ ચલાવે છે. ત્યારે સ્થાનિક રાજકીય આગેવાનો તેમને રોકવા ખંડણીના કેશ કરવાની ધમકી આપી ચૂપ કરી દે છે. તાજેતરમાં ખાડીયાના આરટીઆઈ એક્ટીવીસ એલ્પેશ દેસાઈને ચુપ કરવા ૧૫ શખ્સો દ્વાર હુમલો કરવામાં આવ્યો હતો. લોકોના કહેવા મુજબ ગાંધીરોડ, રતન પોળ, કાળુપુર, જમાલપુર સહિતના વિસ્તારોમાં ગેરકાયદેસ કોમર્શિલ બાંધકામોનો કોન્ટ્રક્ટ રાજકીય નેતાના માનીતા લોકોને આપવામાં આવે છે અને મધ્યઝોન એસ્ટેટ ટીડીઓ સહિતના ઉચ્ચ અધિકારીઓ સુધીની મીલીભગત થી બાંદકામો પુરા કરવામાં આવે છે. ઉલ્લેખની છે કે ગાંધીરોડ પર શાહ બાબુલાલ ધનરાજ બિલ્ડર ગેરકાયદેસર બાંધકામ સામે સ્થાનિક લોકોનો આક્રોષ ફાટ્યો ત્યારે ગંભીરતા જોઈને મધ્યઝોનના ડેપ્યુટી કમિશ્વર રાકેશ શંકરે જીપીએમસી એસી ની કલમ-૨૬૦(૧) મુજબ નોટિસ ફટકારી હતી, પરંતુ હાલે આ બાંધકામ ખુલ્લેઆમ પુર્ણ કરવામાં આવી રહ્યુ છે. સ્થાનિક લોકોની સીલ મારવાની માગણને અવગણીને સક્ષમ અધિકારી રાકેશ શંકર રાજકીય પીઠબળના ઈશારે આ બિનઅધિકૃત બાંધકામને પુર્ણ કરવાની પેરવી કરી રહ્યા છે. મધ્યઝોનના ખાડિયા, કાલુપર, જમાલપુરના સ્થાનિક રહીશો વિવિધ એનજી અને સામાજીક સંસ્થાઓની મદદથી રાજકીય પીઠબળ ધરાવતા અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માગણી કરતા અ.મ્યુ,કમિશનરને ટૂંક સમયમાં આવેદન પત્ર પાઠવશે.

# રાજકોટ ACPના કમાન્ડોની ચૂંટણીના જૂની અદાવતમાં મેસપર ગામમાં હત્યા

(હિં.સ.)ગોંડલ,તા.૧૩ રાજકોટ એસીપીના કમાન્ડોની ગોંડલ તાલુકાના મેસપર ગામમાં તિક્ષણ હથિયારના ઘા ઝીંકી ઘાતકી હત્યા કરી નખાઇ હતી. ચૂંટણીના મનદુઃખના કારણે સામાન્ય બોલાચાલી થયા બાદ ડખો ઉગ્ર બન્યો હતો. ત્યારબાદ બે પરિવારના યુવાનો મારક હથિયારો સાથે એકબીજા પર તૂટી પડ્યા હતા. જેમાં પોલીસ કમાન્ડોનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અન્ય બે યુવાનોને ઈજા થતાં રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. બનાવની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી ગયા હતા. ગોંડલ તાલુકાના મેસપર ગામે શનિવારે બપોરે રાજકોટ સિટી પોલીસમાં એસીપીના કમાન્ડો તરીકે ફરજ બજાવતા નરેન્દ્રસિંહ રાજભા જાડેજા અને તેમના સંબંધી અનિરુદ્ધસિંહ જાડેજાને માજી સરપંચ રાજેન્દ્રસિંહ જાડેજાના પરિવાર વચ્ચે ચૂંટણરાજભા જાડેજા અને તેમના સંબંધી અનિરુદ્ધસિંહ વનરાજસિંહ જાડેજા શનિવારે બપોરના સમયે ઘરેથી વાડી તરફ જવા નીકળ્યા હતા ત્યારે માજી સરપંચ રાજેન્દ્રસિંહ જાડેજાના ઘર પાસેથી પસાર થયા ત્યારે ઝઘડો શરૂ થયો હતો.ીના જૂના મનદુઃખમાં ડખો થયો હતો. વાત એ હદ સુધી વણસી કે બંને જૂથ એકબીજા પર તીક્ષ્ણ હથિયારો સાથે તૂટી પડ્યા હતા અને નરેન્દ્રસિંહની ઘાતકી હત્યા કરી નખાઇ હતી. ઘટનાની જાણ તાલુકા પોલીસના પી.એસ.આઈ વાય.બી.રાણાને થતા પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને લાશનો કબજો લઇ ગોંડલ સરકારી દવાખાને ખસેડી હતી. રાજકોટ પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા નરેન્દ્રસિંહ જાડેજા પરિવાર સાથે રાજકોટના ઘંટેશ્વર પાસે રહે છે અને ખેતીવાડીની સારસંભાળ માટે મેસપર ગયા હતા. બે ભાઈઓમાં તેઓ મોટા હતા અને હજુ એક વર્ષ પહેલાં જ લગ્નગ્રંથિથી જોડાયા હતા. આગામી થોડાક દિવસોમાં જ તેમના ઘરે સીમંતનો પ્રસંગ આવનાર હોવાનું તેમના મેસપરના સગા સ્નેહીઓએ જણાવ્યું હતું, તેમના પિતા રાજકોટ એસઆરપીમાં ફરજ બજાવે છે. મેસપર ગામે ચૂંટણીના જૂના મનદુઃખમાં પોલીસ કોન્સ્ટેબલ એવા ગિરાસદાર યુવાનની લોથ ઢળી ગયા બાદ આરોપી માજી સરપંચ રાજેન્દ્રસિંહ જટુભા જાડેજા તાલુકા પોલીસમથકમાં સામેથી હાજર થઇ ગયા હતા. રાજકોટના પોલીસ કોન્સ્ટેબલ અને એસીપીના કમાન્ડો નરેન્દ્રસિંહ રાજભા જાડેજા અને તેમના સંબંધી અનિરુદ્ધસિંહ વનરાજસિંહ જાડેજા શનિવારે બપોરના સમયે ઘરેથી વાડી તરફ જવા નીકળ્યા હતા ત્યારે માજી સરપંચ રાજેન્દ્રસિંહ જાડેજાના ઘર પાસેથી પસાર થયા ત્યારે ઝઘડો શરૂ થયો હતો. ત્યારબાદ ઉગ્ર બોલાચાલી બાદ ધિંગાણું થતાં નરેન્દ્રસિંહ લોથ ઢળી ગઇ હતી. ત્યારબાદ માજી સરપંચ જૂથના શખ્સો કમાન્ડોની લાશને ગામની સીમમાં આવેલી વાડીએ લઇ ગયા હતા અને ત્યાં ફેંકી દીધી હોવાની પોલીસને શંકા છે. આથી આ દિશામાં તપાસ શરૂ કરાઈ છે.

# ઉપલેટાના મોટી પાનેલીમાં ધર્મ સ્તંભ ધરાશાયી થતા ૪ના મોત

(હિં.સ.)ઉપલેટા,તા.૧૩ રાજકોટના ઉપલેટામાં ધર્મ સ્તંભ ધરાશાયી થવાની ઘટના સામે આવી રહી છે. ઉપલેટાના મોટી પાનેલી ગામમાં ધાર્મિક કાર્યક્રમમાં મહાકાય ધર્મ સ્તંભ પડતા ૪ લોકોના મોત નિપજ્યા છે. જેમાં એક માતા-પુત્રનો પણ સમાવેશ થાય છે. આ ઘટના સર્જાતા સમગ્ર વિસ્તારમાં અફરી તફરીનો માહોલ સર્જાયો હતો. ઉલ્લેખનીય છે કે,ત્યાર બાદ ઈજાગ્રસ્તોને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મહત્વનું છે કે,મોટી પાનેલી ગામમાં ૪ દિવસ માટે સમસ્ત કોળી સમાજ તેમજ ગ્રામજનો સહયોગથી રામદેવપીરનો ધર્મ સ્તંભ સંવરો મંડપ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના છેલ્લા દિવસે મંડપ ઉતારતી વખતે એકાએક ૭૦ ફુટની લંબાઇવાળો લાકડાનો સ્તંભ તૂટ્યો હતો. આ ઘટનામાં ૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારબાદ હોસ્પિટલમાં ૪ લોકોને તબીબોએ મૃત જાહેર કર્યા હતા. આ ઘટના સર્જાતા ગામમાં શોકનો માહોલ છવાયો હતો. આપને જણાવી દઈએ આ ઘટનામાં ચાર લોકોને ગંભીર ઈજાઓ થતા ઉપલેટા સારવાર અર્થે લાવવામાં આવેલ જયાં ખાનગી હોસ્પિટલના ડોક્ટર દ્વારા સારવાર અપાઈ હતી અને વધુ સારવાર અર્થે રાજકોટ રીફર કરવામાં આવેલ છે ઘટનાની જાણ થતા ઉપલેટા-ધોરાજીના ધારાસભ્ય લલિતભાઈ વસોયા તુરંત દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોની પૃચ્છા અને ખબર અંતર લઈ અને તેમને સારવારનો ખર્ચ આપેલ હતો..

## માતા બની કુમાતાઃ જામનગરમાં મધર્સ ડેના દિવસે જ 'માતૃત્વનું મોત'

(જી.એન.એસ)જામનગર,તા.૧૩ આજે બધા લોકો મધર્સ ડેની ઉજવણી કરી રહ્યાં છે. અને માતા સાથે સેલ્ફી લઈને વોટ્સએપ અને ફેસબુક પર પોસ્ટ કરી રહ્યાં છે. ત્યારે જામનગરમાં ખળભળાટ મચાવી દે તેવો કિસ્સો સામે આવ્યો છે. મધર્સ ડેના દિવસે જ એક માતા તેના નવજાત બાળકને મુકીને ફરાર થઈ ગઈ છે. આ બાળકી જામનગરની જી.જી. હોસ્પિટમાંથી મળી આવી છે. જો કે બાળકીને સારવાર માટે બાળકોના વોર્ડમાં ખસેડવામાં આવી છે. બાળકીની માતા બાળકીને જન્મ આપીને હોસ્પિટલમાંથી ફરાર થઈ ગઈ હતી. સમગ્ર ઘટનાની જાણ હોસ્પિટલના સ્ટાફને થતાં તેઓ ઘટનાસ્થળ પર દોડી આવ્યા હતા. અને બાળકીને સારવાર માટે ખસેડવામાં આવી હતી. હાલ તો પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને બાળકીના માતા પિતાને શોધવા માટેની તજવીજ હાથ ધરી છે.

## શિકારની શોધમાં નીકળ્યા ૯ સાવજો, રોડ ક્રોસ કરતો વીડિયો વાયરલ

(જી.એન.એસ)ગીર સોમનાથ,તા.૧૩ ગીરના જંગલોમાંથી બહાર નીકળી સાવજો ઘણીવાર રેવન્યુ વિસ્તારમાં આવી જતા હોય છે. શિકારની શોધમાં એકસાથે ૯ સાજો રો ક્રોસ કરી રહ્યા હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયો ગીર પંથકનો હોવાનું જાણવા મળી રહ્યું છે. જેમાં છ સિંહણ અને ત્રણ સિંહબાળ નજરે પડે છે. ગીર પંથકમાં આવેલા ટુરિસ્ટોએ આ દ્રશ્યો પોતાના મોબાઈલમાં કેદ કરી સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કર્યો છે. પ્રથમ ત્રણ માદા સિંહ રોડ ક્રોસ કરે છે જ્યારે સિંહ બાળ તેની પાછળ રોડ ક્રોશ કરે છે તો અન્ય ત્રણ માદા સિંહ સિંહ બાળની પાછળ પહેરો ભરતી રોડ ક્રોશ કરે છે. ગીરમાં હંમેશા સિંહ બાળોની સંભાળ માદા સિંહ લેતા હોય છે. સિંહ બાળ જ્યાં સુધી શિકાર કરવા ન શીખે ત્યાં સુધી માંદા સિંહ તેની સુરક્ષાની જવાબદારી સંભાળે છે.

## રાજસ્થાન ગુર્જર અનામત : હાર્દિક પટેલ ભરતપુર નહિં જઈ શકે,તંત્રએ લગાવ્યો પ્રતિબંધ

(જી.એન.એસ)જયપુર/અમદાવાદ,તા.૧૩ ગુજરાતમાં પાટીદાર નેતા હાર્દિક પટેલે ગુર્જર આંદોલનનું સમર્થન કર્યું છે. તેઓ ૧૫ મેના દિવસે ભરતપુર આવનારા હતા. પરંતુ આ પહેલા તેમની મુશ્કેલીઓ વધી ગઇ છે. રાજસ્થાનના ભરતપુર જિલ્લા અધિકારીઓ એક ઓર્ડસ પાસ કર્યો છે. જેમાં ૧૫ મેના દિવસ ભરતપુરમાં હાર્દિક પટેલના પ્રવેશ ઉપર પ્રતિબંધ લાગાવ્યો છે. હાર્દિક પટેલ ભરતપુરમાં ગુર્જર અનામતને લઈને યોજવામાં આવેલા કાર્યક્રમમાં ભાગ લેવાના હતા. આ ઓર્ડર પ્રમાણે જિલ્લામાં કલમ ૧૪૪ પણ લાગુ કરવામાં આવી છે. આ અગાઉ અઝમેર શરીફ હઝરત ખ્વાઝા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પહોંચેલા હાર્દિક પટેલે કહ્યું હતું કે, રાજસ્થાનમાં થનારા ગુર્જર અનામત આંદોલનમાં પાટીદાર સમાજ તેમની સાથે હંમેશા ઉભો હશે. હાર્દિકે કહ્યું હતું કે, દેશમાં તેમને અનામતનો લાભ જોઈએ જેનો સમાજ હકદાર છે. પછી ભલે તે મુસ્લિમ હોય કે પાટીદાર કે પછઈ ગુર્જર સમાજ.

## વિરમગામમાં અસામાજીક તત્વોનો આતંક, પાંચથી વધુ કારોને આગ ચાંપી

(જી.એન.એસ)વિરમગામ,તા.૧૩ વિરમગામ શહેરમાં અસામાજિક તત્વોએ આતંક ફેલાવ્યો છે. શહેરના રૈયાપુર દરવાજા પાસે એક સાથે પાંચથી વધુ કારને આગ ચાંપવામાં આવતા ચકચાર મચી હતી. રૈયાપુર દરવાજા પાસે મોઈન મોટર ગેરેજમાં વહેલી સવારે અજાણ્યા શખ્સો દ્વારા પાંચથી વધુ કારોને આગ ચંપાઈ હતી. સીસીટીવી ફૂટેજમાં આ ઘટના કેદ થઈ હતી. બે શખ્સો અહીં ઉભેલી કાર પર પેટ્રોલ છાંટે છે અને પછી દિવાસળી ચાંપી કારને સળગાવી ત્યાંથી નાસી છૂટે છે. પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે કારને આગ ચાંપનારા શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

## સંતાન વિહોણી મહિલા સાથે ઢોંગી ભૂવાએ વિધિના બહાને દુષ્કર્મ આચર્યુ

(જી.એન.એસ)તાલાલા,તા.૧૩ તાલાલાની એક પરિણીતાને સંતાન પ્રાપ્તી ન થતાં બોરવાવનાં દાસબાપુ પરસોતમ ડોબરીયાનાં સંપર્કમાં આવી હતી. આ દાસબાપુ ભુવા એ પરિણીતાને પોતાના ઘરે બોલાવતાં પરિણીતા અને તેની સાસુ બોરવાવ ગયા હતા. જ્યાં પરિણીતાની સાસુને ઘર બહાર બેસાડી ભુવાએ પરિણીતાને ખાટલામાં નિર્વસ્ત્ર થઇ સુઇ જવા કહ્યું હતું સાથે ભુવોએ પોતે પણ પોતાના વસ્ત્રો ઉતારી દીધા હતાં અને પોતે નિર્વસ્ત્ર બની તેની સાથે સુઇ ગયો હતો. પરિણીતાનો વિરોધ કરવા છતા પાખંડી ભુવાએ પરિણીતાની ઈચ્છા વિરૂદ્ધ તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો ત્યારબાદ ફરીથી ભુવાએ વિધી ફેલ ગઇ હોવાનું કહી ફરીવાર પરિણીતા સાથે દુષ્કર્મ આચર્યું હતું. આમ ઢોંગી ભૂવાએ વિધીની બહાને પરિણીતા પુર દુષ્કર્મ આચર્યુ હતું. જોકે થોડા દિવસો બાદ દાસબાપુનો ફરી પરિણીતાનાં પતિને ફોન આવ્યો હતો અને બંને પતિ-પત્નીને પોતાના ઘરે આવવા જણાવ્યું હતું. પતિએ પત્નીને ભુવાનાં ઘરે જવાનું કહેતાં પરિણીતાએ ભુવાને ઘરે જવાની ના પાડી દીધી હતી અને પત્નીએ ભુવાદાસબાપુએ અગાઉ મેલી વિદ્યા કાઢવાનાં બહાને પોતાના પર બે વાર આચરેલા દુષ્કર્મની વાત કહેતાં પતિ-પરિણીતાને લઇ તાલાલા પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. પરણિતાની ફરિયાદના આધારે પોલીસે પાખંડી ભુવાની ધરપકડ કરી લીધી છે અને આ મામલામાં કોર્ટે ઢોંગી ભૂવાના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

## કાલોલ પંથકમાં ૭૨ ગામોમાં ડિજિટલ ઈન્ડિયાનો ફજેતો, ગામમાં ટાવરો જ નથી

(જી.એન.એસ)કાલોલ,તા.૧૩ એક તરફ ડિજિટલ ઈન્ડિયાના સરકાર સપના જોઈ રહી છે, ત્યારે ગુજરાત મોડલની મોટી કસોટી છે. કેટલાક ગામોમાં રોડ રસ્તા અને વીજળી પહોંચી નથી. ત્યારે કાલોલ પંથકના ૭૨ ગામના લોકોએ હોંશે હોંશે મોબાઈલ લીધો છે, પરંતુ ગામમાં ટાવર ન આવતો હોવાથી લોકોના ગળા થાકી ગયા છે. ડિજિટલ ઈન્ડિયાની વાતો કરતી સરકારે કાલોલ તાલુકાના આ લોકોની સમસ્યા ધ્યાને લેવાની જરૂર છે. લોકો ઈચ્છી રહ્યાં છે કે વર્ષે દહાડે કરોડો રૂપિયા ઉસેટતી મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપનીઓને સરકાર પાઠ ભણાવે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ડિજિટલ ઈન્ડિયાની વાતો કરવામાં આવે છે, પરંતુ ગુજરાત મોડલની વાતો કરતી સરકારની વધુ એક વરવી વાસ્તવિકતા સામે આવી છે. લાખો કરોડોના ખર્ચે પ્રાઈવેટ કંપનીઓ મોબાઈલના ટાવરો બનાવી રહી છે, પરંતુ ગુજરાતના કાલોલ તાલુકાના લોકોને ફોર-જીના જમાનામાં ૨-જીની સુવિધા તો ઠીક પરંતુ લોકોને ફોન પર વાત કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. આપને જણાવી દઈએ કે,લોકો ધાબા પર ફોન લઈને હેલો હેલો કરતા નજરે પડે છે.અમૂક લોકો તો એટલી હદે કંટાળી ગયા છે કે ઝાડ પર ચઢીને વાત કરવા મજબૂર બન્યા છે. હાલના આધુનિક યુગમાં વિદ્યાર્થીઓ પણ નેટનો ઉપયોગ કરે છે,ત્યારે તેમના માટે ટાવર જરૂરી છે, પરંતુ આ ગામમાં આ સમસ્યા છે અને લોકોને ટાવર ન મળતા હાલાકીનો સામનો કરી રહ્યા છે. ખેડૂતોને સરકાર અપીલ કરે છે કે નાણાની આપ-લે ઈ-ટ્રાન્ઝેકશનથી કરવા કહે છે, પરંતુ ટાવર જ ન આવે તો આ શક્ય જ કેમનું થાય. વાત કરીએ તો માત્ર એક બે ગામમાં નહીં પરંતુ ૭૨ ગામમાં મોબાઈલના નેટવર્કનો પ્રોબ્લમ છે. ગામના લોકોએ અનેકવાર કંપનીઓમાં ફરિયાદ કરી અને ધક્કા ખાધા પરંતુ તેમની સમસ્યા ઠેરની ઠેર છે. ૨૧મી સદીના ગુજરાતમાં આ રીતની પરિસ્થિતિ અત્યંત શરમનજક છે.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 and Published from 131, Dharmanagar Society, Highway Road, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI